# વિચાર

વર્ષ ૨૩ અંક ૪, સળંગ અંક ૮૫ ઑક્ટોબર–ડિસેમ્બર, ૨૦૧૮

## ‘જાહેર કાર્યક્રમો સુધીની પહોંચમાં સુધારોઃ
## પરિયોજના વ્યૂહરચના, પરિણામો તથા પ્રભાવ’




યૂરોપીય સંઘ

उन्नति
UNNATI

**સંપાદકીય** 3

■ જાહેર કાર્યક્રમો સુધીની પહોંચમાં સુધારોઃ પરિયોજના વ્યૂહરચના, પરિણામો તથા પ્રભાવ 6

■ રાજસ્થાનમાં સાર્વજનિક વિતરણ પ્રણાલી (પીડીએસ) ક્ષેત્રે સુધારો લાવવો 9

■ સૌથી મહત્વપૂર્ણ પરિવર્તન : 'ગુજરાતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે યોજનાઓ ઉપલબ્ધ કરાવવા માટેના પ્રયત્નો (૨૦૧૪-૨૦૧૮)' 12

■ શાસન અને નાગરિક શિક્ષણ 18

■ પુરુષ પરિવર્તનકર્તાનું નિર્માણ 23

■ 'અમે કોઈની ધાક-ધમકીથી કે પ્રભાવથી ડર્યા વિના કામ કરીએ છીએ' 25

# સંપાદકીય

**જાહેર કાર્યક્રમોની ડિજિટલ માહિતી: ઉત્તરદાયિત્વ માટેનું નાગરિક કેન્દ્રી સક્ષમ સાધન**

જ્યારે સરકારી વ્યવહારો/કાર્યો કાગળો અને ફાઇલો (મેન્યુઅલ સંચાલન) વડે હાથ ધરાતા હતા, ત્યારે જમીન હકના રેકોર્ડ જેવા ન્યાયપૂર્ણ દસ્તાવેજ માટે સરકારી કચેરીની ત્રણથી ચાર વખત મુલાકાત લેવી સામાન્ય ગણાતું હતું. સરકારી કચેરીઓ હંમેશા પોતાનો વારો આવવાની રાહ જોઈને ઊભેલા નાગરિકોનાં ટોળાથી ઊભરાતી. તે દ્રશ્યો હવે ભૂતકાળ બની ચૂક્યાં છે. હવે, ઇન્ટરનેટ અને મોબાઇલ ઇ-ગવર્નન્સ અને એમ-ગવર્નન્સે સર્જેલી ક્રાંતિનો અમલ થઈ રહ્યો છે. એમ-ગવર્નન્સ એ - કોઈપણ સમયે, કોઈપણ સ્થળે વહીવટી સેવાઓ તથા માહિતી મેળવવા માટે મોબાઇલ અને વાયરલેસનો ઉપયોગ છે. સરકારી ડેટા અનુસાર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૮ સુધીમાં ભારતમાં ૧૨૩ કરોડ આધાર ડિજિટલ બાયોમેટ્રિક ઓળખ કાર્ડ, ૧૨૧ કરોડ મોબાઇલ ફોન, ૪૪.૬ કરોડ સ્માર્ટફોન, ૫૬ કરોડ ઇન્ટરનેટ વપરાશકર્તાઓ છે, જે સંખ્યા ડિસેમ્બર ૨૦૧૭માં ૪૮૧ મિલિયન (૪૮.૧ કરોડ) (દેશની કુલ વસ્તીના ૩૫ ટકા) હતી અને ઇ-કોમર્સમાં ૫૧ ટકા વૃદ્ધિ નોંધાઈ છે. નેશનલ ઇ-ગવર્નન્સ ડિવિઝન (NeGD)ના અંદાજ અનુસાર વિવિધ રાજ્ય સરકારો તથા કેન્દ્ર સરકાર દ્વારા ૩૫૦૦ કરતાં વધુ જુદી-જુદી ઇ-સર્વિસ ઓફર કરવામાં આવે છે. એનઆઇસીના અંદાજ પ્રમાણે, કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોનાં ૮,૦૦૦ કરતાં વધુ જુદાં-જુદાં પોર્ટલ્સ અને વેબસાઇટ્સતેમના દ્વારા હોસ્ટ કરવામાં આવે છે.

આ ક્રાંતિનું શ્રેય મુખ્યત્વે ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી વિભાગ (DEITY) અને વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ (DARPG) દ્વારા ૨૦૦૬માં તૈયાર કરવામાં આવેલી રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ યોજના (NeGP)ને જાય છે. તેનો ઉદ્દેશ્ય - તમામ સરકારી સેવાઓ સામાન્ય માણસના વિસ્તારમાં સામાન્ય સેવા વિતરણ આઉટલેટ્સ થકી પ્રાપ્ય બનાવવી અને સામાન્ય માણસની મૂળભૂત જરૂરિયાત સમજવા માટે આવી સેવાઓની કાર્યક્ષમતા, પારદર્શીતા અને વિશ્વસનીયતા પોષણક્ષમ કિંમતે સુનિશ્ચિત કરવી - આ લક્ષ્ય સાથે સરકારી સેવાઓની વિતરણ વ્યવસ્થામાં સુધારો કરવાનો છે. ટેકનોલોજી ક્ષેત્રે દેશને ડિજિટલી સક્ષમ બનાવીને અથવા તો ઇન્ટરનેટ જોડાણમાં વધારો કરીને તથા સુધારાયુક્ત ઓનલાઇન માળખા દ્વારા નાગરિકોને સરકારી સેવાઓ ઇલેક્ટ્રોનિક રીતે ઉપલબ્ધ કરાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર દ્વારા ૨૦૧૫માં ડિજિટલ ઇન્ડિયા ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી. તેમાં ગ્રામીણ પ્રદેશોને હાઇ-સ્પીડ ઇન્ટરનેટ નેટવર્ક સાથે સાંકળવાની યોજનાઓનો સમાવેશ થતો હતો. તેમાં ત્રણ મુખ્ય ઘટકો હતાઃ સલામત અને સ્થિર ડિજિટલ માળખાનો વિકાસ, સરકારી સેવાઓ ડિજિટલ રીતે પૂરી પાડવી અને સાર્વત્રિક ડિજિટલ સાક્ષરતા. કાર્યક્રમનો ઉદ્દેશ દરેક નાગરિકને ઉપયોગિતા તરીકે ડિજિટલ માળખું પૂરૂં પાડવાનો તથા તમામ ગ્રામ પંચાયતોમાં મહત્વપૂર્ણ ઉપયોગિતા તરીકે હાઇ-સ્પીડ ઇન્ટરનેટ પૂરૂં પાડવાનો હતો. કાર્યક્રમનું સમગ્રતયા લક્ષ્યબિંદુ 'જ્ઞાનના ભવિષ્ય માટે ભારતને સજ્જ કરવાનું', 'પરિવર્તનને શક્ય બનાવવા માટે તકનીકને કેન્દ્રીય સ્વરૂપ આપવું' અને ઘણા વિભાગોને આવરતો એક પ્રમુખ કાર્યક્રમ બનવું.

ICTનો ઉપયોગ વહીવટી પ્રક્રિયાને પારદર્શી બનાવે છે. હાલમાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ (રાષ્ટ્રીય ખાદ્યાન્ન સુરક્ષા અધિનિયમ) હેઠળ વ્યક્તિગત પરિવારોના લાભ,એમજીનરેગા હેઠળની ચુકવણી, નેશનલ સોશ્યલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ (રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ) તથા અન્ય યોજનાઓ હેઠળ પ્રત્યક્ષ લાભ સોંપણીને ટ્રેક કરી શકાય છે. લાભોની ખરાઈએ ઉત્તરદાયિત્વ માટેનું વાતાવરણ સર્જ્યું છે. નાગરિકો એ જોઈ શકે છે કે શા માટે તેઓ ચોક્કસ યોજનાઓનો લાભ નથી મેળવી રહ્યા અને તેઓ સંબંધિત દસ્તાવેજો અપલોડ કરવાની સાથે ઓનલાઇન અરજીઓ કરી શકે છે. સરકારી વ્યવહાર પ્રક્રિયા વધુ પારદર્શી બની રહી છે અને ઉત્તરદાયિત્વને વેગ મળી રહ્યો છે. વધુમાં, ટેકનોલોજી પ્રત્યાયનને વધુ ઝડપી બનાવે છે, સ્ટેશનરીનો ઉપયોગ તથા માનવીય સંપર્ક ઘટાડે છે.

ઉદાહરણરૂપે, જાહેર વિતરણ વ્યવસ્થા (PDS)ના કમ્પ્યુટરાઇઝેશને ખાદ્યાન્નના સંગ્રહ અને ગતિવિધિ, સપ્લાય ચેઇન મેનેજમેન્ટ, ફાળવણી અને ઉપયોગિતાનો અહેવાલ આપવો, ફરિયાદ નિવારણ અને પારદર્શીતા પોર્ટલ, લાભાર્થીની વિગતોનું ડિજિટાઇઝેશન, વાજબી ભાવની દુકાન (ફેર પ્રાઇસ શોપ) ઓટોમેશન વગેરે જેવાં ચાવીરૂપ ક્ષેત્રોને આવરી લીધાં છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સમાવેશક મધર એન્ડ ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (MCTS) બનાવી છે. પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs)ના કમ્પ્યુટરાઇઝેશનનું કાર્ય એક મિશનની માફક હાથ

ધરવામાં આવ્યું હતું. સામાન્ય સેવા કેન્દ્રો (કોમન સર્વિસ સેન્ટર્સ - સીએસસી)ને જુદાં-જુદાં રાજ્યોમાં વિવિધ નામે ઓળખવામાં આવે છે - બિહારમાં 'વસુધા કેન્દ્ર' અથવા ઝારખંડમાં 'પ્રજ્ઞા કેન્દ્ર' અરજી માટેનાં ફોર્મ, પ્રમાણપત્રો અને ઉપયોગિતા ચુકવણી સહિતની વેબ-ઇનેબલ્ડ (વેબ-સક્ષમ) ઇ-ગવર્નન્સ સેવાઓ પૂરી પાડે છે. તે કમ્પ્યુટર અને ઇન્ટરનેટની પ્રાપ્યતા ન ધરાવતા હોય તેવા લોકોને સરકારી સેવાઓ પૂરી પાડવા માટેની સુવિધા છે. આ એક જ ભૌગોલિક પ્રદેશમાં બહુવિધ વ્યવહારો માટેની સુવિધાઓ પૂરી પાડવા માટેનાં બહુવિધ સેવા-સિંગલ-પોઇન્ટ મોડલ છે. સીએસસી પરિવર્તન એજન્ટ તરીકેનું સ્થાન ધરાવે છે. તેઓ ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતાને વેગ આપે છે અને ગ્રામીણ ક્ષમતાઓ અને આજીવિકા પ્રસ્થાપિત કરે છે. તેઓ સમુદાય સહભાગીતાના સમર્થક છે તે ગ્રામીણ નાગરિકો પર મુખ્ય ધ્યાન આપવાની સાથે-સાથે નીચેથી ઉપરના દ્રષ્ટિકોણના માધ્યમથી સામાજિક પરિવર્તનને આગળ ધપાવવા માટે સામુદાયિક ભાગીદારી અને સામુહિક કાર્યવાહીના પ્રવર્તકો છે. જોકે, આજે સીએસસી જાહેર કાર્યક્રમો માટે અરજીઓ કરવા નાગરિકોને મદદ કરવા પર ધ્યાન આપે છે અને મર્યાદિત ભૂમિકા ભજવે છે.

ઇન્ટરનેટ આધારિત સેન્ટ્રલાઇઝ્ડ પબ્લિક ગ્રિવન્સિઝ રિડ્રેસ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (જાહેર ફરિયાદ નિવારણ અને દેખરેખ વ્યવસ્થા - સીપીજીઆરએએમ) નાગરિકો દ્વારા કોઈપણ સ્થળેથી, કોઈપણ સમયે ફરિયાદનીરજૂઆતને શક્ય બનાવે છે. આ પોર્ટલ પર સિસ્ટમ જનરેટેડ યુનિક રજિસ્ટ્રેશન નંબર થકી ફરિયાદનું ટ્રેકિંગ કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. ઘણાં રાજ્યો તેમની સમન્વિત ફરિયાદ નિવારણ અને દેખરેખ વ્યવસ્થા પણ ધરાવે છે. મોબાઇલવપરાશકર્તાઓ માટે સેવાઓની પ્રાપ્યતાને વધુ સરળ અને સુલભ બનાવી છે. મોબાઇલ સેવાનો ઉદ્દેશ લોકોને મોબાઇલ ફોન અને ટેબ્લેટ્સ દ્વારા સરકારી સેવાઓ પૂરી પાડવાનો હતો. તેણે મોબાઇલ પ્લેટફોર્મનો સ્ટેટ ડેટા સેન્ટર્સ (એસડીસી), સ્ટેટ વાઇડ એરિયા નેટવર્ક્સ (સ્વાન), સ્ટેટ એન્ડ નેશનલ સર્વિસ ડિલીવરી ગેટવેઝ (એસએસડીજી/એનએસડીજી)ના બનેલા કોમન ઇ-ગવર્નન્સ માળખા સાથેનો સમન્વય શક્ય બનાવ્યો હતો. તેણે સરકારી વિભાગને વેબ અને મોબાઇલ આધારિત સેવાઓને એકીકૃત કરવા માટે સક્ષમ બનાવ્યો તથા ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મોબાઇલ ફોનની વધુ ઉપલબ્ધતાનો લાભ ઊઠાવતાં ઇલેક્ટ્રોનિક સેવાઓ સુધી પહોંચને વિસ્તારી છે. મોબાઇલ સેવાના ભાગરૂપે ડીઇઆઇટીવાય દ્વારા મોબાઇલ એપ્લિકેશન્સ સ્ટોર (એમ-એપ સ્ટોર) પણ વિકસાવવામાં આવ્યો હતો. એમ-એપસ્ટોર હાલમાં ૨૪૦ કરતાં વધુ લાઇવ મોબાઇલ એપ્લિકેશન્સ હોસ્ટ કરે છે, જેને મોબાઇલ ફોન પર કોઈપણ વ્યક્તિ વિના મૂલ્યે ડાઉનલોડ અને ઇન્સ્ટોલ કરી શકે છે. સરકારે યુનિફાઇડ મોબાઇલ એપ્લિકેશન ફોર ન્યૂ-એજ ગવર્નન્સ (ઉમંગ) એપ શરૂ કરી હતી, જેનું લક્ષ્ય ૧૬૨ સરકારી સેવાઓને સિંગલ મોબાઇલ એપ પર લાવવાનું અને વ્યાપક લક્ષ્ય સરકારને નાગરિકોના મોબાઇલ ફોન પર પ્રાપ્ય બનાવવાનું હતું. ઘણાં રાજ્યો નવતર દ્રષ્ટાંતો ધરાવતાં હતાં, જેમ કે કેરળની ડો. એસએમએસ, જે રહેવાસીના વિસ્તારમાં ઉપલબ્ધ દાક્તરી સુવિધાઓ વિશેની માહિતી પૂરી પાડવા માટેની એમ-હેલ્થ માહિતી વ્યવસ્થા છે. ગોવાએ સરકારી અરજીઓ અને ફરિયાદો મેળવવા માટેની અને તેની સ્થિતિનું ટ્રેકિંગ કરવા માટેની એલર્ટ્સ શરૂ કરી હતી. મહારાષ્ટ્રએ મોબાઇલ એલર્ટ્સ થકી ટ્રાફિક સંચાલન વ્યવસ્થા અપનાવી હતી.

ઘણા લાભ હોવા છતાં, ઇ-ગવર્નન્સ અને એમ-ગવર્નન્સ પહેલના સંદર્ભમાં કેટલાક ચોક્કસ ગેરલાભ અને અવરોધો રહેલા છે, જેનું પૂરતી ગંભીરતા અને યોગ્ય સજ્જતા સાથે નિવારણ લાવવું જરૂરી છે. પરિવર્તનને અપનાવવા માટે વપરાશકર્તાઓ આત્મવિશ્વાસુ અને તકનીક પ્રત્યે સાનુકૂળ હોવા જોઈએ. ઘણાં લોકો વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સંવાદને પ્રાથમિકતા આપે છે અને કેવળ નાગરિકો દ્વારા જ નહીં, બલ્કે સરકારના વિવિધ વિભાગોમાં પણ પરિવર્તનનો પ્રતિકારકરવામાં આવે છે. લોકો એવું વિચારતા હોઈ શકે કે, નબળી સેવા બદલ દોષનો ટોપલો સરળતાથી ટેકનોલોજી પર ઢોળી દઈ શકાય છે. અન્ય એક મહત્વનો અવરોધ વપરાશકર્તાઓની સાક્ષરતા અને કમ્પ્યુટરનો ઉપયોગ કરવાની સક્ષમતા છે. લખતાં-વાંચતાં ન આવડતું હોય તેવા વપરાશકર્તાઓને મદદની જરૂર પડશે. સામાન્યપણે વરિષ્ઠ નાગરિકો (સિનિયર સિટિઝન્સ) કમ્પ્યુટરનું એટલું જ્ઞાન નથી ધરાવતા. ગ્રામીણ કે અંતરિયાળ પ્રદેશમાં મધ્યસ્થ/વચેટિયા માહિતીની ખોટી રીતે રજૂ કરે, તેનો દુરુપયોગ કરે, માહિતીને બહાર પાડે તેવી સક્યતા રહે છે. નાગરિકો દ્વારા કમ્પ્યુટર ટેકનોલોજીની અસમાન પ્રાપ્યતા અને ડિજિટલ વિભાજનનો પ્રશ્ન હજી પણ મોજૂદ છે.

આ સમગ્ર ચિત્રમાં સીએસસી ચોક્કસ સેતુરૂપ ભૂમિકા ભજવી શકે છે, પણ તેઓ ઊંચી કિંમત વસૂલનારાં મધ્યસ્થ ન બની જાય તે માટે તપાસ રાખવી જરૂરી બની રહે છે. વળી, સીએસસી ઓપરેટરોને જે વિવિધ જાહેર કાર્યક્રમોની સોંપણી કરવામાં આવી હોય, તે અંગે તેમને સતત તાલીમબદ્ધ કરવા જરૂરી છે. માર્ચ, ૨૦૧૯ના મહિનામાં, ઉન્નતિએ,જાહેર કાર્યક્રમો પરની માહિતીની પ્રાપ્યતા અંગેના ઇયુનું સમર્થન

ધરાવતા પ્રોજેક્ટ હેઠળ રાજસ્થાનના સમગ્ર બાડમેર જિલ્લાના સીએસસી ઓપરેટરોને તાલીમ પૂરી પાડી હતી. લોકો જે જાહેર કાર્યક્રમોનો લાભ મેળવવાના હકદાર હોય, તે કાર્યક્રમોની સ્થિતિ અંગેની પૂછપરછ અને ફરિયાદ નોંધાવવા અંગેના પ્રશ્નો પૂછે, તેના સંતોષકારક જવાબ આપવા માટે તેમને (સીએસસી ઓપરેટરોને) સરકારી વેબસાઇટ અને પોર્ટલ્સના ઉપયોગ અંગેની સમજૂતી આપવામાં આવી છે. ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ આ તાલીમનો પુરસ્કર્તા છે. થોડા-થોડા સમયે થતી તાલીમો ઉપરાંત, તેમની પાસે વિતરણ પ્રક્રિયાઓમાં અંતરાલ પર વહીવટની સાથે રચનાત્મક શીખવા અને સાંકળવા માટે સહકર્મી મંચ હોવો જોઈએ. તેમણે સરકારી વેબસાઇટ્સ તથા પોર્ટલ્સ પર ઉપલબ્ધ કરવામાં આવતી માહિતીનો ઉપયોગ કરવામાં અને તેમને અરજી કરવામાં તેમજ કાર્યક્રમો સુધી પહોંચવામાં મદદ પૂરી પાડવા માટે શીખવાની જરૂર છે. તેની સાથે જ, તેમણે અરજી કરવા પૂરતું સીમિત ન રહેતાં, જ્યાં સુધી નાગરિકને જાહેર કાર્યક્રમનો લાભ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેનું ફોલો-અપ કરવું જોઈએ. આ ઉપરાંત તેમણે ફરિયાદ દાખલ કરવામાં નાગરિકોને મદદ કરવાથી પણ પાછળ ન હટવું જોઈએ. સીએસસી પીપીપી મોડલ પર કાર્યરત હોવા છતાં, તેમનું કાર્યક્ષેત્ર વિસ્તારવાનું અને તથા તેમની ભૂમિકાને વાસ્તવિક સ્વરૂપ આપવાનું ત્યારે જ શક્ય બની શકે છે, જ્યારે સરકાર તાલીમ અને પ્રતિક્રિયા માટે નાગરિક સમાજ સંગઠનનો સહકાર મેળવે.

રાજસ્થાન સરકારની ઇ-મિત્ર પ્લસ પહેલે ગ્રામીણ પ્રદેશોમાં ઓટોમેટેડ સ્વ-સહાય કિઓસ્કની ગોઠવણ કરે છે. નાગરિકો હવે સેવા કચેરીઓમાં લાંબી કતારોમાં ઊભા રહેવાનું અને સમય માગી લેતી પ્રક્રિયાઓ ટાળીને તેમના સત્તાવાર દસ્તાવેજો સ્વતઃ મેળવી શકે છે. તેનાથી નાગરિકોના સંતોષમાં નોંધપાત્ર સુધારો થયો છે અને દોષયુક્ત કામગીરીમાં ઘટાડો થયો છે. પ્રત્યેક સેલ્ફ-સર્વિસ (સ્વ-સેવા) કિઓસ્ક બે સ્ક્રીન ધરાવે છે. એક તરફની સ્ક્રીન વીડીયો-કોન્ફરન્સિંગ, લાઇવ વીડીયો પ્રસારણ તથા જાહેરાતો માટે વપરાય છે. સમન્વિત સ્પિકર્સ અને માઇક દ્વિ-પક્ષીય (ટુ-વે) પ્રત્યાયન શક્ય બનાવે છે. સિસ્ટમની આગળનો બીજો ભાગ મુખ્ય ટ્રાન્ઝેક્શન યુનિટ (વ્યવહાર એકમ) છે. અહીં, પસંદગીયુક્ત સત્તાવાર દસ્તાવેજો જનરેટ કરી શકાય છે. સરળ બટન પ્રેસ અથવા તો ટચસ્ક્રીન કન્ટ્રોલ થકી ઇનપુટ્સ આપવામાં આવે છે. એક સમન્વિત પ્રિન્ટર તત્ક્ષણ દસ્તાવેજોની પ્રિન્ટ નિકાળે છે. અરજીકર્તાએ નજીકની ઓફિસ પર દસ્તાવેજો માટેની વિનંતી સુપરત કરવાની રહે છે. ખરાઈ થયે, અરજીકર્તાને કાં તો વર્તમાન ઓળખ નંબર (જેમ કે આધાર નંબર, પાન વગેરે) અથવા તો ઓટીપી (વન ટાઇમ પાસવર્ડ) આપવામાં આવે છે. તે કિઓસ્ક માટે અનુરૂપ દસ્તાવેજની પ્રિન્ટ નિકાળવા માટે ઇનપુટ તરીકે ઉપયોગમાં લેવાય છે. સરકાર દ્વારા નક્કી કર્યા પ્રમાણે સેવાને સંલગ્ન ચાર્જ હોઈ શકે છે. રોકડ, ડેબિટ કાર્ડ અથવા તો અન્ય કોઈ પદ્ધતિ સહિત વિવિધ પ્રકારે કિઓસ્કનો ઉપયોગ કરીને ચૂકવણી કરી શકાય છે.

જોકે, લોકો તેનું સંચાલન કરી શકે, તે માટે તેમને તાલીમબદ્ધ કરવા જરૂરી છે. ઇ-સખી તાલીમ અથવા તો દરેક ગ્રામ પંચાયતમાંથી કેટલીક મહિલાઓને તાલીમબદ્ધ કરવી અને તેમને ડિજિટલ સાક્ષરતા ફેલાવવાની જવાબદારી સોંપવી, તે પણ રાજસ્થાન સરકાર દ્વારા ભરવામાં આવેલું ક્ષમતાદાયક પગલું હતું. નવી વ્યવસ્થાઓના મૂલ્ય અંગે શિક્ષણ અને જાગૃતિ એ કેટલાક વર્તમાન પ્રતિરોધકોને ઘટાડવા તરફનું પગલું છે. સાતત્યપૂર્ણ ઉપયોગ ત્યારે જ આગળ વધી શકે, જ્યારે વ્યવસ્થાની રૂપરેખા એવી રીતે તૈયાર કરવામાં આવે, કે જેથી લોકો મધ્યસ્થીઓ પર આધાર રાખ્યા વિના સરળતાપૂર્વક અને સહેલાઈથી તે પ્રાપ્ત કરી શકે. ■

# જાહેર કાર્યક્રમો સુધીની પહોંચમાં સુધારો: પરિયોજના વ્યૂહરચના, પરિણામો તથા પ્રભાવ

આ અહેવાલ 'ઉન્નતિ' દ્વારા ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના વિજયનગર અને પોશીના તાલુકાઓની 30 ગ્રામ પંચાયતોમાં પ્રોજેક્ટના અમલીકરણ દરમ્યાન થયેલા અનુભવમાંથી મળેલા બોધ પર કેન્દ્રીત છે.

2014માં 'યુરોપિયન યુનિયન' (ઇયુ)નો સહયોગ ધરાવતાં 14 નાગરિક સેવા સંગઠનો (સીએસઓ) પૈકીનું 'ઉન્નતિ' એક હતું. આ સંગઠનોએ મહિલાઓ સહિતનાં વંચિત જૂથોને લક્ષ્યમાં રાખીને ગરીબ અને હાંસિયામાં ધકેલી દેવાયેલા લોકોની જાહેર યોજનાઓ અને કાર્યક્રમો સુધીની પહોંચમાં સુધારો લાવવાનો ઉદ્દેશ ધરાવતા પ્રોજેક્ટનો અમલ કર્યો હતો. (આ પ્રોજેક્ટમાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના બે તાલુકાની 30 ગ્રામ પંચાયતોનો પણ સમાવેશ કરાયો હતો.)


## સારાંશ

પ્રોજેક્ટનો ઉદ્દેશ જાહેર કાર્યક્રમોના કવરેજ અને ગુણવત્તામાં સુધારો લાવવાનો હતો, જેથી પ્રોજેક્ટના કાર્યક્ષેત્રની અંદર ભારતના ઉપેક્ષિત તથા બહિષ્કૃત નાગરિકોને આર્થિક લાભ પ્રાપ્ત થઈ શકે. તે શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સંરક્ષણ તથા સુરક્ષા હેઠળની યોજનાઓ પર કેન્દ્રિત છે, જેમાં આવાસ યોજના, એમજીનરેગા અને એનએફએસએનો સમાવેશ થાય છે. અમલીકરણના પાંચ વર્ષના સમયગાળા (2014-18) દરમિયાન આ પ્રોજેક્ટ 20,084 પરિવારો સુધી પહોંચ્યો હતો, જ્યારે મૂળ યોજના 9,000 પરિવારો માટે બનાવાઈ હતી. આ કાર્યક્રમના પરિણામ સ્વરૂપે 234થી વધુ નાગરિક નેતાઓ (સીએલ) અને ગ્રામ વિકાસ સમિતિઓ (જીવીએસ) તરીકે ઓળખાતી ગ્રામ્ય સ્તરની સંસ્થાઓના સ્વરૂપમાં નવી સામાજિક મૂડીનું નિર્માણ થયું. સીએલને તાલીમ આપવામાં આવે છે તથા જાહેર કાર્યક્રમોની બહેતર સમજૂતી અને સરકારી વિતરણ વ્યવસ્થાઓ સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરવા માટે બહેતર કૌશલ્યો સાથે સજ્જ કરવામાં આવે છે. જ્યારે જીવીએસ એ સરકારી વ્યવસ્થાને સામાજિક સ્તરે વધુ ઉત્તરદાયી બનાવતા સમુદાયના અવાજનું પ્રતિનિધિત્વ કરે છે. સીએલ હવે જાણે છે કે અરજી કરનારા વ્યક્તિગત હકદાર ધારકોની મદદ કેવી રીતે કરવી અને લાભોને મંજૂરી અને જારી કરવા માટે વહીવટી તંત્ર સાથે કેવી રીતે ફોલો અપ કરવું. આ ઉપરાંત તેઓ સમુદાય આધારિત દેખરેખ (સીબીએમ)ની સંચાલનની પ્રક્રિયા અને પદ્ધતિઓ, માહિતીના અધિકાર અધિનિયમ, 2005 હેઠળ માહિતી પ્રગટીકરણના મહત્વ તથા અન્ય ઘણા મુદ્દાઓથી સારી પેઠે વાકેફ છે.


## જાહેર કાર્યક્રમોનું કવરેજ તથા ગુણવત્તામાં સુધારો લાવવા માટે માગ જન્માવવી અને સ્થાનિક કાર્યવાહી

બેઝલાઇન અને એન્ડલાઇન સર્વે ડેટા તથા સીબીએમ પ્રક્રિયા થકી પ્રાપ્ત થયેલી માહિતીની સરખામણી સ્પષ્ટપણે સૂચવે છે કે ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના બે તાલુકાઓમાં પ્રોજેક્ટ ક્ષેત્રમાં કવરેજ અને લાભોની ગુણવત્તામાં ઘણો જ સુધારો થયો છે (કોષ્ટક-1માં તેની વિગતો આપવામાં આવી છે).

વિવિધ સાધનોમાં, નિયમિત સમયાંતરે હાથ ધરાયેલી મૂળભૂત સેવાઓ અને માહિતી શિબિરોની સમુદાય આધારિત દેખરેખ (સીબીએમ)ને કારણે યોજનાઓ તથા તેમને પ્રાપ્ત કરવા વિશેની જાગૃતિ અને સમજમાં વધારો થયો. જાહેર કાર્યક્રમોની સેવાઓ પૂરી પાડવાની ખરાબ ગુણવત્તા સાથે સંકળાયેલા મુદ્દાઓની ઓળખ કરવામાં માહિતીની શિબિરોના પાંચ રાઉન્ડ અસરકારક સાબિત થયા. ઉદાહરણ તરીકે, માહિતી શિબિર એમજીનરેગામાં કામની માગ ઊભી કરવામાં મદદરૂપ રહી, જેમાં વંચિત વ્યક્તિઓને પેન્શન કાર્યક્રમ, વિકલાંગતા પ્રમાણન, જનની સુરક્ષા યોજના જેવા સામાજિક સહાયતા કાર્યક્રમો સુધી પહોંચવા માટે સક્ષમ કરવામાં આવ્યા; એનએફએસએ હેઠળ વાજબી ભાવની દુકાનમાં ખરીદીમાં સુધારો કરવો, એસએમસી, વીએચસી અને એનસી, માતૃ મંગલ સમિતિ વગેરે જેવી કાર્યક્રમ અમલીકરણ સમિતિઓને સક્રિય કરવી. સીબીએમ પ્રક્રિયા પ્રાથમિક વિદ્યાલય, આંગણવાડીમાં હાજરી પર દેખરેખ અને અન્ય ગ્રામ સ્તરીય સેવાઓની સાથે એનએફએસએ હેઠળ વાજબી ભાવની દુકાનોમાં ખાદ્યાન્નના યોગ્ય પુરવઠામાં ઉપયોગી રહી હતી.

જાહેર કાર્યક્રમોના લાભો સુધી પહોંચવામાં સામાન્ય નાગરિકોએ ઘણા અવરોધો અને અડચણોનો સામનો કરવો પડે છે. પહોંચમાં સુધારો લાવવા સ્થાનિક કાર્યવાહી થાય તે માટે નાગરિક આગેવાનોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા. સૌથી મહત્વપૂર્ણ કાર્યવાહી યોગ્યતા ધારકોને તેમની યોગ્યતા સાબિત કરવા માટેનું અરજી પત્ર દાખલ કરવામાં મદદ કરવાની હતી. સીએલ પણ સીબીએમ પ્રક્રિયાને સુવિધાજનક બનાવે છે અને શાળા, આંગણવાડી, પીડીએસ દુકાન વગેરે સંસ્થાઓની કામગીરી પર નિયમિત દેખરેખ રાખે છે. લાભને ત્રણ ગણા કરવાનું કાર્ય 6171 નાગરિક કાર્યવાહીઓ થકી શક્ય બન્યું. પ્રોજેક્ટમાં વિકસિત સીબીએમ ટૂલકિટનો ઉપયોગ હવે સામાજિક

**કોષ્ટક–૧**

| ક્રમ | સેવાઓ | કવરેજ | | પાત્રતા અથવા તો સરેરાશના સંદર્ભમાં HH સ્તરના લાભ | |
|---|---|---|---|---|---|
| | | બેઝલાઇન (400 HH) | એન્ડલાઇન (400 HH) | બેઝલાઇન | એન્ડલાઇન |
| 1 | મધ્યાહન ભોજન | 93.75% | 100% | 40.25% | 100% |
| 2 | અન્ન ત્રિવેણી | 0% | 100% | 0% | 100% |
| 3 | જનની સુરક્ષા યોજના | 48% | 55% | 55% | 68.5% |
| 4 | ખાનગી હોસ્પિટલમાં ખર્ચ | 60.25% | 13.75% | સરેરાશ HH ખર્ચ રૂ. 4751 | સરેરાશ HH ખર્ચ રૂ. 828 |
| 5 | વૃદ્ધાવસ્થા પેન્શન(ઓલ્ડ એજ પેન્શન) | 0.72% | 45.32% | 50% | 80.32% |
| 6 | આવાસ યોજના | 23 HH | 108 HH | સરેરાશ HH પ્રાપ્તિ રૂ. 20000 | સરેરાશ HH પ્રાપ્તિ રૂ. 94620 |
| 7 | એમજીનરેગા | 7 HH (1.75%) | 155 HH (38.75%) | સરેરાશ HH મજૂરી રૂ. 1128 | સરેરાશ HH મજૂરી રૂ. 4045 |
| 8 | પીડીએસ/એનએફએસએ | 232 HH | 351 HH | નાણાંના સંદર્ભમાં સરેરાશ HH લાભ રૂ. 1280 | નાણાંના સંદર્ભમાં સરેરાશ HH લાભ રૂ. 8437 |
| 9 | આંગણવાડીમાં નામાંકિત (પ્રવેશ) સામે બાળકોની હાજરી | 6.8% | 56.67% | સીબીએમથી પ્રાપ્ત | |
| 10 | પ્રાઇમરી શાળામાં નામાંકિત (પ્રવેશ)ની સામે બાળકોની હાજરી | 28% | 62.78% | સીબીએમથી પ્રાપ્ત | |
| 11 | પાલક માતા-પિતા યોજના સુધીની પહોંચ (પાત્રની સામે પ્રાપ્ત કરનારની સંખ્યા) | 2/24 | 31/39 | સીબીએમથી પ્રાપ્ત | |

ઉત્તરદાયિત્વની પદ્ધતિને વેગ આપવા માટેના સંસાધન તરીકે થાય છે.

## યોજનાઓના અવકાશ અને ગુણવત્તામાં સુધારો લાવવા માટે સરકાર સાથે સહભાગિતા

સમગ્ર પ્રોજેક્ટ એ ધારણા પર આધારિત હતો કે, જ્યારે વંચિત અને ગરીબ લોકોની અધૂરી જરૂરિયાતો વિશે તથ્યાત્મક માહિતી સાથે સંબંધિત અધિકારીઓ સમક્ષ માગ રજૂ કરવામાં આવે, ત્યારે સરકારી વિતરણ વ્યવસ્થા સકારાત્મક રીતે પ્રતિક્રિયા કરે છે. ઉન્નતિએ નાગરિક આગેવાનો સાથે મળીને તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તરે સરકારી અધિકારીઓ સાથે પ્રશ્નોના નિવારણ અંગે વાતચીત કરી. આ વાતચીતે ઘણી સક્ષમ જોગવાઈઓ બનાવી જેનાથી સામાન્ય નાગરિકોને થતા લાભમાં સુધારો થયો. સેવા સેતુ, ગરીબ કલ્યાણ મેળા, વિકલાંગતા પ્રમાણપત્ર શિબિર વગેરે જેવી વિવિધ સરકારી શિબિરોમાં લોકોની ભાગીદારીમાં ઘણો સુધારો નોંધાયો, કારણ કે નાગરિકોને વોઈસ એસએમએસ, સામુદાયિક સ્તરની બેઠકો, પ્રકાશિત સામગ્રી વગેરે જેવી માધ્યમોની ઘણી ચેનલોના માધ્યમથી જાણ કરવામાં આવી હતી. પ્રોજેક્ટના સમયગાળા દરમિયાન 79 શિબિરોને સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

આથી સરકારી વિભાગોની પ્રતિક્રિયા પણ ઘણી હકારાત્મક રહી. જ્યારે વિકલાંગતા શિબિરમાં આવવા માટે વિકલાંગ વ્યક્તિઓને પરિવહનની સુવિધા પૂરી પાડવાની પીએચસીને વિનંતી કરવામાં આવે, ત્યારે તે વિનંતીનો તરત સ્વીકાર કરવામાં આવ્યો. વહીવટી તંત્રની સહાયથી ચૌદ પ્રકારની માહિતીને સક્રિય ધોરણે પ્રદર્શિત કરવામાં આવી. જેમાં ખાદ્ય સુરક્ષા લાભાર્થીઓની યાદી, એમડીએમ ખાદ્યાન્નનો જથ્થો, ગામમાં હાથ ધરાયેલાં વિવિધ કાર્યો માટે એમજીનરેગામાં શ્રમ અને સામગ્રી પર ખર્ચાયેલા નાણાં વગેરેનો સમાવેશ થાય છે. વાજબી ભાવની દુકાનો (ફેર પ્રાઇસ શોપ્સ - એફપીએસ)ને પારદર્શી અને અસરકારક બનાવવાના મુદ્દે સ્થાનિક

સત્તા તંત્રને તાલુકાની તમામ એફપીએસમાં સક્રિય પ્રગટીકરણ શરૂ કરવાની વિનંતી કરવામાં આવી હતી. 2014ની શરૂઆતમાં, તમામ એફપીએસમાં 2015માં પ્રારંભિક અને સમાપન જથ્થા સિવાય જુદી-જુદી શ્રેણીઓ હેઠળ લાભાર્થીઓની સંખ્યા દર્શાવવાની સાથે માહિતી પ્રદર્શિત કરવામાં આવી હતી. બીપીએલ પરિવારોને એ પણ જાણ થઈ કે તેમણે બારકોડ કૂપન માટે કોઈ ચૂકવણી કરવાની રહેતી ન હતી. એફપીએસ ખાતે માહિતી પ્રદર્શિત કરવા માટે વિશેષ બોર્ડ બનાવવામાં આવ્યાં હતાં. 31મી મે, 2016ના રોજ ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ સાથે આ મુદ્દે ચર્ચા કરવામાં આવી અને ત્યાર પછી રાજ્યના તમામ જિલ્લા પુરવઠા અધિકારીઓ (ડીએસઓ)ને એનએફએસએ, 2013 અનુસાર એક નિર્ધારિત ફોર્મેટમાં સ્ટોક (જથ્થો), પ્રાથમિકતા ધરાવતા પરિવારોની યાદી, એફપીએસ માટે લાઇસન્સ, સંપર્ક નંબર વગેરેનો ખુલાસો કરવા માટે એક પરિપત્ર જારી કરવામાં આવ્યું.

સરકારી તંત્ર વાસ્તવમાં ઉત્તરદાયી બની ગયું હોવાનું પ્રમાણ એ કાર્યવાહીમાં જોઈ શકાય છે, જે પનારી અને સાઈ - એ બે નદીઓ પર કોઈ પુલ ન હોવાને કારણે ચોમાસા દરમિયાન મુખ્ય વસ્તીથી સંપૂર્ણપણે સંપર્કવિહોણાં થઈ ચૂકેલાં 33 ગામોની જરૂરિયાતો અંગે કરવામાં આવી હતી. વહીવટી તંત્રએ 21 કરોડ રૂપિયાના ખર્ચે આઠ પુલ અને ચાર ગરનાળાંનું બાંધકામ કરવા માટે કામગીરી કરી અને આ ગામો વિખૂટાં પડી જવાની સમસ્યાને અસરકારક રીતે ઉકેલવામાં આવી.

અન્ય એક ઉદાહરણમાં, 2015-16 દરમિયાન પોશીનામાં વૃદ્ધાવસ્થા પેન્શનની આશરે 600 અરજીઓ મંજૂર કરવામાં આવી હતી પરંતુ એક વર્ષ સુધી ભંડોળ જારી કરવામાં આવ્યું ન હતું. આ મુદ્દો જિલ્લા અને વિભાગ સ્તરે ઊઠાવવામાં આવ્યો હતો, એવું માલૂમ પડ્યું કે લાભાર્થીઓનાં જનધન ખાતાં ચાલુ ન હતાં. આખરે, જિલ્લા કલેક્ટરે પોસ્ટલ મની ઓર્ડર દ્વારા એક વર્ષનું પેન્શન જારી કરવા માટે ટપાલ ખાતા થકી ખાસ વ્યવસ્થા ગોઠવી હતી.

અન્ય રાજ્યોની સરખામણીમાં વિધવા અને વૃદ્ધાવસ્થા પેન્શન યોજનાઓ હેઠળ દરો અને પાત્રતાના માપદંડોમાં રહેલો તફાવત જોતાં, 'ઉન્નતિ'એ ઘણાં રાજ્યોનો અભ્યાસ કર્યો અને ગોવા, પુડુચેરી, તેલંગણા, આંધ્ર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન અને ગુજરાત સહિતનાં સાત રાજ્યોનો તુલનાત્મક અહેવાલ તૈયાર કર્યો. દરો અને યોગ્યતા માપદંડમાં સુધારો કરવા માટે આ અહેવાલ મુખ્ય મંત્રીની કચેરી, મુખ્ય સચિવ, સામાજિક ન્યાય અને સશક્તિકરણ (એસજેઇ) મંત્રી, એસજેઇના મુખ્ય સચિવ તેમજ મહિલા અને બાળ વિકાસ (ડબલ્યુસીડી)ના મુખ્ય સચિવને સુપરત કરવામાં આવ્યો. આ દરમિયાનગીરીના પરિણામરૂપે, પેન્શનની રકમમાં નોંધપાત્ર વધારો કરવા માટે નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા. વધુ મહત્વપૂર્ણ બાબત એ છે કે, વૃદ્ધાવસ્થા અને વિકલાંગ પેન્શન માટે યોગ્યતા માપદંડ બીપીએલ સ્કોર 0-16થી બદલીને 0-20 થઈ ગયો છે, જેના કારણે રાજ્યમાં લાભાર્થીઓની સંખ્યા બેવડી થઈ ગઈ છે.

તે જ રીતે, પાલક માતા-પિતા યોજના અનાથ બાળકોના પુનર્વસન માટે ખાસ કરીને તેમના શાળાકીય શિક્ષણ માટે માસિક સહાયતા પૂરી પાડે છે. આ યોજના એક પરિવારમાં ત્રણ બાળકો માટે લાગુ હતી. જે પરિવારોમાં પિતાનું મૃત્યુ થઈ ચૂક્યું હોય અને માતાએ પુનર્લગ્ન કર્યાં હોય, તેવા પરિવારોને આવરી લેવા માટે માપદંડ વિસ્તારવાની જરૂરિયાત હતી. તે અનુસાર, સીએમઓ, સીએસ અને મુખ્ય સચિવ એસજેઇને પત્રો પાઠવવામાં આવ્યા, જેનાં ઈચ્છિત પરિણામ પ્રાપ્ત થયાં. આ યોજના હેઠળ રાજ્યમાં લાભાર્થીઓની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે. યોજના હેઠળ આર્થિક લાભ પણ 1,000 રૂપિયાથી વધારીને 3,000 રૂપિયા પ્રતિમાસ કરવામાં આવ્યો.

સેવા પૂરી પાડવાની વ્યવસ્થામાં સુધારાનું અન્ય એક ઉદાહરણ વિકલાંગતા પ્રમાણન શિબિર છે. એવું જોવા મળ્યું કે સમગ્ર રાજ્યમાં શિબિરોમાં સહભાગીઓની સંખ્યા ઘણી જ પાંખી હતી. તેનું એક કારણ એ હતું કે ડોક્ટરો (મેડિકલ વિભાગ) અને સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ વચ્ચે યોગ્ય સહનિર્દેશનનો અભાવ હતો. આ મામલે બંને વિભાગો સાથે ચર્ચા કરવામાં આવી અને પછીથી શિબિર પ્રક્રિયા અને વિવિધ હિતધારકોની જવાબદારીઓને નિર્દિષ્ટ કરતો એક પ્રોટોકોલ જારી કરવામાં આવ્યો. તેનાથી સમગ્ર રાજ્યને લાભ થયો છે. છેલ્લાં ચાર વર્ષો દરમિયાન, 745 વિકલાંગ વ્યક્તિઓને પ્રોજેક્ટનાકાર્યક્ષેત્રમાં પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યાં છે.

આ વિવિધ સ્તરો પર અધિકારીઓ સાથે સક્રિય સામેલગીરી અને ચર્ચાને કારણે કાર્યક્રમના અવકાશમાં મોટાપાયે થયેલા ફેરફારોનાં કેટલાંક દ્રષ્ટાંતો છે. માગ ઊભી કરવાના અને સરકારી અધિકારીઓને ડિલીવરીની વ્યવસ્થામાં સુધારો લાવવા માટે સક્ષમ બનાવવાના બંને સ્તરે કામગીરી કરવી એ જાહેર કાર્યક્રમોને અસરકારક બનાવવા માટે મૂલ્યવાન સાબિત થયું. એક મહિલા સીએલ મંગુબેને જણાવ્યું કે જ્યારે તેમણે ગામમાં આંગણવાડીની દેખરેખ શરુ કરી, ત્યારે બાળકોની હાજરીમાં સુધારો, મમતા દિવસ પર માતાઓની સહભાગિતા સહિત તમામે કામગીરી કરવાનું શરૂ કરી દીધું. પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવામાં આવેલી વ્યૂહરચનાઓ એક અનુકરણ કરવા યોગ્ય મોડલ છે, જેને અન્ય સંગઠનો, દાતાઓ અને સીએસઆર અપનાવી શકે છે. ■

# રાજસ્થાનમાં સાર્વજનિક વિતરણ પ્રણાલી (પીડીએસ) ક્ષેત્રે સુધાર લાવવો

આ લેખ 'જાહેર કાર્યક્રમો/યોજનાઓને લગતી માહિતી સુધીની પહોંચ' પરના 'ઇયુ'નું સમર્થન ધરાવતા પ્રોજેક્ટ હેઠળ બાડમેર જિલ્લામાં 'ઉન્નતિ'ની કામગીરીના અનુભવના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જાહેર યોજનાઓમાં સુધારો લાવવા માટે સૂચના એવમ રોજગાર (એસઆર) અભિયાન હેઠળ સંયુક્ત પહેલ સ્વરૂપે રાજ્ય સ્તરીય અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. 'ઉન્નતિ'એ અભિયાન હાથ ધર્યું, સ્થાનિક સ્તરે નિવેદનો એકત્રિત કર્યાં તથા આઇટી પોર્ટલ અને વેબસાઇટમાં માહિતીના પ્રગટીકરણનો મજબૂત કેસ તૈયાર કરવા માટે તે નિવેદનોને આઇટી અધિકારીઓ સમક્ષ રજૂ કર્યાં. આ લેખ 'ઉન્નતિ'ના રાજસ્થાન કાર્યાલયનાં સીઓઓ, **સ્વપ્નિ શાહે** તૈયાર કર્યો છે.

બાડમેર જિલ્લાના સિન્ધરી તાલુકાના કામથઈ ગામના દાડિયા મજૂર નારાયણરામના પરિવારમાં સાત સભ્યો છે. તમામ સભ્યો નારાયણરામની સામાન્ય અને અનિયમિત આવક પર નભતા હતા. તેમને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013 (એનએફએસએ)માં સામેલ કરવામાં આવ્યા ન હતા. નારાયણરામને હૃદય રોગ થયો અને તેમને જણાવવામાં આવ્યું કે ઓપરેશન પાછળ ઓછામાં ઓછો 2.5 લાખનો ખર્ચ થશે. આટલો મોટો ખર્ચ પરવડશે નહીં, તેમ વિચારીને નારાયણરામે મોત નજીક હોવાનું સ્વીકારીને પથારી પકડી લીધી.બીજી બાજુ, તેના પરિવારને ગુજરાન ચલાવવા માટે રોજેરોજ સંઘર્ષ કરવો પડતો હતો. એક આઉટરિચ કાર્યક્રમ દરમિયાન 'ઉન્નતિ'ના ધ્યાન પર આ કેસ આવ્યો અને તેણે અપીલ ઓથોરિટી સમક્ષ તેની રજૂઆત કરી. નારાયણરામના પરિવારને એનએફએસએ હેઠળ આવરી લેવામાં આવ્યો. એટલું જ નહીં, એક પણ રૂપિયો ખર્ચ્યા વિના બીએસબીવાય થકી સરકારી હોસ્પિટલમાં નારાયણરામનું ઓપરેશન પણ કરવામાં આવ્યું. પ્રાથમિકતા ધરાવનારા પ્રત્યેક પરિવારને દર મહિને પરિવારના પ્રત્યેક સભ્યદીઠ પાંચ કિલો ઘઉં અને અન્ત્યોદય (અત્યંત ગરીબ, નિરાશ્રિત) પરિવારબે રૂપિયે કિલોના ભાવે 35 કિલો ઘઉં મેળવવા હકદાર છે. રાજસ્થાનમાં, એનએફએસએ લાભાર્થી 'ભામાશા સ્વાસ્થ્ય વીમા યોજના' (બીએસબીવાય)નો લાભ મેળવવાને પાત્ર છે, જે ગરીબ પરિવારો માટે દર વર્ષે ત્રણ લાખ રૂપિયા સુધીની આરોગ્ય વીમા સહાય યોજના છે.

2014માં પરિવારોનો સર્વે હાથ ધરવામાં આવ્યો, ત્યારે માલૂમ પડ્યું કે, હકદાર પરિવારો પૈકીના 85 ટકા પરિવારો પીડીએસની પહોંચ ધરાવતા હતા, પરંતુ તે પૈકીના લગભગ તમામ (97.5 ટકા) પરિવારોને તેમના પૂર્ણ હક્કો કે વિશેષ લાભો નહોતા મળતા. આ પાછળનું કારણ સ્પષ્ટ ન હતું. ઘણા પરિવારો અને અન્ત્યોદય કાર્ડ ધારકોને સુદ્ધાં કોઈ રેશન મળતું ન હતું. ડીલરોએ તેમને એમ જણાવ્યું હતું કે, તેમનાં નામ લાભાર્થી યાદીમાં સામેલ ન હતાં. માર્ચ, 2015માં તમામ ગામોમાં અમારા આઉટરિચ અભિયાન 'સૂચના સ્વાભિમાન યાત્રા' દરમિયાન પણ અમારી સામે આ જ સમસ્યા આવી. રાજસ્થાનના અન્ય સીએસઓ સાથેની વાતચીત દરમિયાન અમને જાણવા મળ્યું કે આ સમસ્યા સમગ્ર રાજ્યમાં પ્રવર્તતી હતી.

આ મામલે ઊંડી તપાસ કરવામાં આવી અને પાત્રતા તથા પરિવારોને મળતી માત્રા અને રેશન કાર્ડમાં નોંધવામાં આવેલી એન્ટ્રીની સરખામણી કરવામાં આવી, પરંતુ તે મેળ ખાતી ન હતી. પંચાયત, ડીલરો અને જિલ્લા અધિકારીઓએ અમને જુદા-જુદા જવાબો આપ્યા, પરંતુ કોઈ પરિણામ નીપજ્યું ન હતું. અમને જણાવવામાં આવ્યું કે રેશન કાડ્ર્ઝનાં યુનિટ્સ ઘટાડી દેવામાં આવ્યાં હતાં, કારણ કે 2011માં એસઇસીસી સર્વે બાદ જન્મેલાં બાળકોનાં નામ તેમાં ઉમેરવામાં આવ્યાં ન હતાં. સાથે જ, એમ પણ જણાવવામાં આવ્યું કે, તમામ લાભાર્થીઓમાંથી સાર્વિત્રિક ધોરણે બે કે ત્રણ યુનિટ્સ ઘટાડી દેવાયાં હતાં, જેથી, રેશનનો લાભ વધુ લોકોને આપી શકાય. કારણ કે, અગાઉ રેશન મેળવનારા ઘણા બીપીએલ પરિવારોને એનએફએસએ હેઠળ પ્રાથમિકતાની યાદીમાં સામેલ કરવામાં આવ્યા ન હતા. જ્યારે આ અંગેનો સરકારી આદેશ બતાવવા માટે કહેવામાં આવ્યું, તો અમને એવો જવાબ આપવામાં આવ્યો કે રાજ્ય દ્વારા મળેલી મૌખિક સૂચનાના આધારે આમ કરવામાં આવ્યું હતું. વળી, કેટલાક ડીલરોએ અમને લાભાર્થીઓની ટાઇપ કરેલી યાદી દર્શાવી, જેમાં ઘટાડેલા વિશેષ લાભોની નોંધ લખવામાં આવી હતી અને તેના પર પંચાયત અને જિલ્લા પુરવઠા અધિકારી (ડીએસઓ)ની સહી હતી. આ દલીલો સંતોષજનક ન હતી અને નક્કર પુરાવાનો અભાવ વર્તાતો હતો.

લાભાર્થી પરિવારની પસંદગી કરવાની પ્રક્રિયા સપ્ટેમ્બર, 2013માં પૂર્ણ થવાની સાથે રાજસ્થાન ઓક્ટોબર, 2013માં એનએફએસએનો અમલ કરનારું પ્રથમ રાજ્ય બન્યું. 'સામેલગીરી' અને 'બાકાત રાખવા'નો માપદંડ વિશેષ ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો અને લાભાર્થીની યાદી ગ્રામ સભાઓમાં તૈયાર કરવામાં આવી હતી.

લાભાર્થીની યાદી 5.46 કરોડ પર પહોંચી, જે રાજસ્થાન માટે 69 ટકાની ટોચ મર્યાદા કરતાં એક કરોડ વધારે હતી. ડિસેમ્બર, 2013માં રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીઓ આવી અને સરકાર બદલાઈ. 'બાકાત રાખવા'નો માપદંડ વધુ કડક બનાવવામાં આવ્યો. અમુક પ્રક્રિયા દ્વારા એનએફએસએ લાભાર્થી યાદીમાંથી નામો દૂર કરવામાં આવ્યા અને આ અંગે કોઈને સ્પષ્ટતા કરવામાં ન આવી. સંખ્યા ઘટાડીને 4.26 કરોડ કરી દેવાઈ. અત્યારે આ સંખ્યા આશરે 4.5 કરોડ જેટલી છે.

આ સમય દરમિયાન રાજસ્થાન સરકાર તમામ વિભાગોમાં બેક ઓફિસ કામગીરીના ડિજિટાઈઝેશનનો અમલ પણ કરી રહી હતી અને ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ (ડીઓઆઇટી) આ પહેલ માટેનો મધ્યવર્તી વિભાગ હતો. ઉન્નતિએ ઘણા વિભાગો માટે સ્થળો પર અને જાહેર ડોમેઇનમાં ડિજિટલ ધોરણે ઉપલબ્ધ બનાવવામાં આવતી માહિતીનો અભ્યાસ કર્યો. 'ઉન્નતિ'એ ઘણા વિભાગો માટે જાહેર ડોમેઇન અને ભૌતિક સ્થળોએ ડિજિટલ ધોરણે પ્રાપ્ય કરાવવામાં આવેલી માહિતીનો અભ્યાસ કર્યો. આ અભ્યાસનાં તારણોને માહિતીના અધિકાર (આરટીઆઇ) અધિનિયમ હેઠળ અનિવાર્ય રીતે સ્વ-પ્રગટીકરણની સ્થિતિ પર 9 જાન્યુઆરી, 2016ના રોજ યોજાયેલી કાર્યશિબિરમાં ડીઓઆઇટી સમક્ષ રજૂ કરવામાં આવ્યાં. આ તારણોનું રાજસ્થાનમાં કાર્યરત સીએસઓ સાથે પણ આદાન-પ્રદાન કરવામાં આવ્યું, જેથી તેમનાં સૂચનો મેળવી શકાય.

ડીઓઆઇટીએ આ પ્રયાસને બિરદાવ્યો અને અમારાં સૂચનોનો અમલ કરવાની ખાતરી આપી, કારણ કે આખરે તો તેનાથી કાર્યક્રમના લાભાર્થીઓને જ ફાયદો થવાનો છે. ઉપરાંત, તેનાથી સરકારી કાર્યક્રમોને છેવાડાના તથા અંતરિયાળ વિસ્તારો સુધી પારદર્શી અને ઉત્તરદાયી રીતે પહોંચાડવાના સરકારના ઉદ્દેશને પણ વેગ મળશે. આ ઉપરાંત ડીઓઆઇટીએ સરકારી વેબસાઇટો પર ઉપલબ્ધ માહિતીની સમીક્ષા કરાવનું પણ સૂચન કર્યું. રાજસ્થાનમાં કાર્યરત સીએસઓને આ હેતુ માટે નાનાં જૂથોમાં વહેંચી દેવાયાં હતાં, જેથી, પ્રાપ્ય માહિતીની સમીક્ષા કરી શકાય અને પ્રગટીકરણ માટેની ડિઝાઇન તૈયાર કરી શકાય. ઉન્નતિએ પ્રારંભમાં પીડીએસ, પેન્શન અને પાલનહાર યોજનાને લગતી માહિતીને જાહેર કરવાની જવાબદારી ઉપાડી હતી.

ડીઓઆઇટી વિશેષ લાભો સાથેના એનએફએસએ લાભાર્થીઓની યાદી તેમજ ત્રણ મહિના કરતાં વધુ સમયથી અને એક વર્ષ કરતાં વધુ સમયથી પીડીએસ રેશન ન મેળવનારા પરિવારોની યાદી ધરાવતું હતું. 'ઉન્નતિ'એ કેટલાંક ગામોની નકલોની માગણી કરી અને ગ્રામીણ સ્તરે જન સુનાવણીના માધ્યમથી યાદીની ખરાઈ કરી. યાદીઓને ચાર્ટ પેપર ઉપર મોટા અક્ષરોમાં લખવામાં આવી હતી અને ગામનાં સાર્વજનિક સ્થળો પર તેને લગાવવામાં આવી હતી. ઉપરાંત, ગામનાં લોકોની વચ્ચે પણ તે યાદીનાં નામો મોટેથી વાંચી સંભળાવવામાં આવ્યાં હતાં. તમામ ગામોમાં, લોકો આગળ આવ્યા હતા અને તેમને પૂર્ણ અધિકારો કે લાભો ન મળતા હોવાનાં નિવેદનો આપ્યાં હતાં. એવું માલૂમ પડ્યું હતું કે, જે પરિવારોને લાભપાત્રતા માટે મનાઈ ફરમાવવામાં આવી હતી, તેમનાં નામ સ્થગિતની યાદીમાં ન હતાં. તે પીડીએસ ડીલરો દ્વારા પાત્રતાને નકારવા માટેની એક પ્રયુક્તિ હતી. ઉલ્લેખનીય છે કે પીડીએસ ડીલરોએ 2016માં રાજસ્થાનમાં લાગુ પોઇન્ટ ઓફ સેલ (પીઓએસ) મશીનો અને બાયોમેટ્રિક ખરાઈના ઉપયોગનો વિરોધ કર્યો હતો.

ઉદાહરણો અને નિવેદનો એફપીએસ વિભાગના સચિવ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તેને પગલે તેમને લાભાર્થી અને એબેયન્સ (સ્થગિત) યાદીઓ પોર્ટલ પર મૂકવાનું મહત્વ સમજાયું. એવો આદેશ કરવામાં આવ્યો કે મળવાપાત્ર લાભ સાથેની શ્રેણી વાર લાભાર્થી યાદીનું ભીંત પર લેખન કરવું અથવા તો રાહત દરની દુકાન (ફેર પ્રાઇઝ શોપ - એફપીએસ)ની બહાર ફ્લેક્સ પર તે દર્શાવવી. આદેશમાં નોંધવામાં આવ્યું હતું કે ભીંત-લેખન અથવા તો ફ્લેક્સ પર એ સ્પષ્ટપણે લખ્યું હોવું જોઈએ કે પરિવારની સભ્ય સંખ્યાને આધારે રેશન આપવામાં આવશે તથા લાભો પર કાપ મૂકવામાં આવ્યો નથી. ઉપરાંત, એ સૂચવતો આદેશ પણ કરવામાં આવ્યો હતો કે વિભાગીય પોર્ટલ પર જાહેર કરવામાં આવેલી યાદી આખરી લાભાર્થી યાદી છે અને તે યાદી સિવાય અન્ય કોઈ યાદીને અનુસરવું નહીં. અમે નાગરિક આગેવાનોને આ આદેશોની યાદી અને લાભાર્થી તથા એબેયન્સ(સ્થગિતની) યાદીઓ વહેંચી, જેઓ ગામેગામ ફરીને લોકોને માહિતી પૂરી પાડતા હતા તથા જન સુનાવણી હાથ ધરતા હતા. મોટા ભાગનાં ગામોમાં નાગરિકોએ સ્થાનિક પગલાં ભર્યાં અને ડીલરો પાસેથી તેમના મળવાપાત્ર લાભો મેળવ્યા.

આ પ્રક્રિયા દરમિયાન અમે પીડીએસમાં વ્યાપકપણે થતી ચોરીના પ્રકાર વિશે સમજૂતી મેળવી. દરેક રેશન કાર્ડમાંથી યુનિટ્સ ઘટાડીને ડીલર્સ લાભાર્થીના રેશન કાર્ડ પર નવાં યુનિટ્સ લખતા હતા, રસીદ જારી નહીં કરવી વગેરે જેવી કેટલીક પદ્ધતિ છે, જેના થકી મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવે છે. લાભાર્થીઓને પાત્રતા કરતાં ઓછું પ્રમાણ આપવામાં આવ્યું હતું અને ડીલરો પીડીએસ સ્ટોકનું કાળાબજારમાં વેચાણ કરતા હતા. તે અંગેનાં કિસ્સાઓ અને જુબાનીઓ, નિવેદનો એકત્રિત કરવામાં આવ્યાં અને જૂન, 2017ના રોજ સચિવ, એફપીએસ સમક્ષ તે રજૂ કરવામાં આવ્યાં. અમારા બે નાગરિક આગેવાનો પણ અમારી સાથે જોડાયા અને તેમણે તેમનાં નિવેદનો આપ્યાં. સમગ્ર રજૂઆત ઘણી જ સબળ હતી. તેનાથી લાભાર્થી

અનુસાર રેશનનો જથ્થો ઉઠાવનારા લેજરને જાહેર કરવા માટે જરૂરી દબાણ ઊભું થયું. નાગરિક આગેવાનો food.raj.nic.in પોર્ટલ પરથી તેમના રેશનના જથ્થાના ઓનલાઇન અહેવાલની તપાસ અને ખરાઈ કરતા થયા. નાગરિક આગેવાનો તથા અન્ય ઘણા લોકોએ ડીલરોની છેતરપિંડી ઉઘાડી પાડવા માટે અને પોતાના મળવાપાત્ર હકોની માગણી કરવા માટે તેમના ખાતાની માહિતીનો ઉપયોગ કર્યો. આ ઘટનાએ રાજ્યવ્યાપી આંદોલનનું સ્વરુપ ધારણ કર્યું. સરકારે સરકારી જન સુનાવણી દરમિયાન ધ્યાન પર આવેલા કેટલાક કિસ્સાઓના અપવાદને બાદ કરતાં દોષિત ડીલરો વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરી નહીં, પરંતુ ચોરી થતી અટકી ગઈ. નિયમભંગના અન્ય કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા, જેમ કે ડીલર તેના લાભાર્થીઓના ખાતાંઓને પોતાના મોબાઇલ નંબર સાથે સીડિંગ કરે છે, જેથી ઓટીપી કે કુલ જથ્થાની વિગતોના સંદેશા અટકાવી શકાય. અમારા નાગરિક નેતાઓએ લોકોને રસીદની માગણી કરવા અંગેની, આધારની જાણકારીમાં સ્વયંના મોબાઇલ નંબરો સીડ કરવાની માગણી કરવાની અને જો તેમના બાયોમેટ્રિક્સની નોંધણી ન થઇ હોય તો પીડીએસની પ્રાપ્યતા માટે વૈકલ્પિક તંત્રની મદદ લેવા માટેની જાણકારી પૂરી પાડી. વૈકલ્પિક પ્રક્રિયાની વ્યાપક જાહેરાત માટે ચોથી એપ્રિલ, 2018ના રોજ રાજ્ય દ્વારા એક આદેશ પણ જારી કરવામાં આવ્યો હતો.

આજે, 'ઉન્નતિ' સાર્વજનિક યોજનાઓ માટેની માહિતી સુધીની પહોંચ પર 'યુરોપિયન સંઘ' દ્વારા સમર્થિત પ્રોજેક્ટ પર જે બે તાલુકામાં કાર્યરત છે, તે તાલુકાઓમાં ચોરી લગભગ બંધ થઈ ગઈ છે અને એવું જાણવા મળ્યું છે કે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઘણી સ્થાનિક કાર્યવાહી હાથ ધરાઈ છે. લોકો રેશનનો જથ્થા ઉઠાવવા માટે રસીદની માગણી કરે છે અને રસીદ મેળવે છે. જો તેમના બાયોમેટ્રિક્સની નોંધણી ન થઈ હોય, તો તેવા કિસ્સામાં લોકો રેશનનો લાભ ઉઠાવવા માટેના વૈકલ્પિક તંત્ર વિશે જાણે છે. રાજસ્થાનના ખાદ્ય પોર્ટલમાં એમજીનરેગાને સમકક્ષ સાર્વજનિક ડોમેઇનમાં સૌથી અદ્યતન અને વૈવિધ્યસભર માહિતી છે. ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ (એફ એન્ડ સીએસ વિભાગ) જાહેર ડોમેઇનમાં માહિતી મૂકવા માટે સજ્જ છે તથા સામાજિક ઉત્તરદાયિત્વ માટે ઉપયોગ કરી શકાય તેવા ઘણા અન્ય અહેવાલો હવે ઉપલબ્ધ છે. તાજેતરમાં જ, એફપીએસ, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તરે સામાજિક ઓડિટ અને દેખરેખ સમિતિઓની રચના માટે વિગતવાર માર્ગદર્શિકાઓ પૂરી પાડવામાં આવી છે. લાભાર્થી અનુસાર રેશનના જથ્થા માટે વાર્ષિક ભીંત-લેખન માટે સરકારી આદેશ જારી કરવામાં આવ્યો છે. લાભાર્થીની રેશન મેળવવા માટેની સમય મર્યાદા પૂરી થઇ જાય, તે સમય-મર્યાદાને વધારવા માટે વિભાગ સંમત થયો છે (આ અવધિ ત્રણ મહિનાથી વધીને એક વર્ષ સુધીની થઈ છે). સાથે જ, વિભાગે દર મહિને રેશનની દુકાનમાં જવામાં મુશ્કેલી અનુભવતા વડીલો તથા વિકલાંગ વ્યક્તિઓ માટે રેશન મિત્ર કે નિર્દિષ્ટ ઉમેદવારને નામાંકિત કરવાનો વિકલ્પ શોધવા માટે પણ સંમતિ દર્શાવી છે. લાભાર્થી સામેલ કરવા માટેની વિશેષ ગ્રામ સભાનું આયોજન કરવા માટે પણ સંમતિ આપવામાં આવી. અગાઉના તમામ બીપીએલ, રાજ્ય બીપીએલ તથા અન્ત્યોદય, જેમને બાકાત કરી દેવાયા હતા, તેમને તત્કાળ આવરી લેવામાં આવશે. એસડીએમ પાસે પડતર રહેલી અપીલોનો તાત્કાલિક ધોરણે નિકાલ કરવા માટેના આદેશો જારી કરવામાં આવશે.

કાર્ય હજી અપૂર્ણ છે અને જાહેર ડોમેઇનમાં ઘણી માહિતી ઉમેરવી જરુરી છે. સરકારી આદેશો છતાં ડિલીવરી સ્થળોએ ભૌતિક સ્વરુપે યોગ્ય જાહેરાત (પ્રગટીકરણ)નું પ્રમાણ હજી પણ ઓછું છે. એ સ્પષ્ટ થયું છે કે સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે યોગ્ય સમાધાન લાવવા માટે, જેમના માટે આ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે, તે લોકોના અનુભવથી આ મુદ્દાને સ્પષ્ટપણે સમજવો જરૂરી છે. તે પહોંચની વ્યવસ્થાને સરળ બનાવે છે અને તેનો વ્યાપક પ્રભાવ હોય છે. જાહેર કાર્યક્રમો સુધીની પહોંચમાં સુધારો કરવા માટે વિવિધ સ્તરે સરકાર સાથે સહયોગ અને સંવાદ સાધવામાં આવે, તે જરુરી છે. સાથે જ માગને મજબૂત કરવી પણ એટલી જ જરુરી છે. મજબૂત સાબિતીઓ તથા જુબાનીઓ (નિવેદનો)ને અવગણી શકાય નહીં અને એકંદરે તે સરકારના ફીડબેક તંત્ર પર પ્રભાવ પાડવામાં સફળ થાય છે. ■

# સૌથી મહત્વપૂર્ણ પરિવર્તન 'ગુજરાતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે યોજનાઓ ઉપલબ્ધ કરાવવા માટેના પ્રયત્નો (૨૦૧૪-૨૦૧૮)'

- દીપા સોનપાલ, પ્રોગ્રામ કોઓર્ડિનેટર, 'ઉન્નતિ'

### તાર્કિક આધાર

બંધારણમાં સમાન નાગરિક અધિકારોનો સમાવેશ જેમની સાથે ભેદભાવ રાખવામાં આવ્યો હોય તેવી વ્યક્તિઓને તેમની ઓળખ અને ન્યાય માટે માગણી કરવા સક્ષમ બનાવે છે. બહિષ્કાર અને ગરીબીની સ્થિતિને કારણે બાળકો અને મહિલાઓ સહિત દિવ્યાંગોને સામાજિક સુરક્ષા અને સામાજિક સંરક્ષણની સહાયની જરુર હોય છે, જેથી તેઓ ગૌરવપ્રદ જીવન જીવી શકે. વિકલાંગતા પરના વૈશ્વિક અહેવાલ 2011 (ડબલ્યુએચઓ) પ્રમાણે, વિશ્વમાં દિવ્યાંગોની વસ્તી 15 ટકા છે. વસ્તી ગણતરી અને એનએસએસઓ અનુસાર ભારતમાં તેના અનુમાનમાં બે ટકા જેટલી ભિન્નતા પ્રવર્તે છે. આર્થિક પુનઃપ્રાપ્તિ પ્રસ્થાપિત કરવી, સમાવેશક વિકાસ તથા સામાજિક ન્યાય, 2014-15 (આઇએલઓ) પરના તાજેતરના વૈશ્વિક સામાજિક અહેવાલના દાવા પ્રમાણે વિશ્વની ફક્ત 27 ટકા વસ્તીને જ સામાજિક સુરક્ષા પ્રાપ્ત થાય છે અને ભારતમાં આ પ્રમાણ તેના કરતાં પણ નીચું હોઈ શકે છે. દિવ્યાંગ વ્યક્તિ સૌથી વધુ ગરીબ છે અને વિકલાંગતા (દિવ્યાંગતા) એ ગરીબીનું કારણ તથા પરિણામ છે. ગરીબી, સાક્ષરતાનું નિમ્ન સ્તર, પરિસ્થિતિ આડેના અવરોધો - સામાજિક સંરક્ષણ તથા સામાજિક સુરક્ષા સેવાઓની સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક અને ભૌતિક મર્યાદિત પહોંચ વિકાસની પ્રક્રિયામાં દિવ્યાંગ લોકોના પ્રદાનને સીમિત કરે છે. આથી, વહીવટી તંત્રની સાથે-સાથે નીતિગત પરિસ્થિતિમાં સુધારો લાવવો જરુરી છે, જેથી દિવ્યાંગ લોકો - દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો પરના સંયુક્ત રાષ્ટ્રોના સંમેલન (યુએનસીઆરપીડી)માં જણાવ્યા અનુસાર અન્ય લોકોની માફક જ સમાનતાના આધારે જીવન જીવી શકે. 'ઇયુ'ની સહાય ધરાવતા અને 'ઉન્નતિ' દ્વારા અમલીકૃત પછાત જિલ્લામાં જાહેર યોજનાઓ સુધીની પહોંચમાં સુધારો લાવવા માટેના પ્રોજેક્ટ (2014-2018)નો ઉદ્દેશ્ય દલિતો, આદિવાસીઓ, મહિલાઓ તથા દિવ્યાંગ વ્યક્તિઓ જેવાં નબળાં જૂથો દ્વારા જાહેર યોજનાઓ સુધીની પહોંચની સમસ્યાને દૂર કરવાનો છે.




દિવ્યાંગ વ્યક્તિઓને નબળા જૂથોમાં પણ સૌથી વધુ નબળા માનવામાં આવે છે. પરિસ્થિતિ સામેના અવરોધોને કારણે દિવ્યાંગ વ્યક્તિઓ તથા તેમના પરિવારના સભ્યો માટે સરળ કાર્યો પણ જટિલ બની રહે છે અને પરિવારના સભ્યો થાકી જાય છે અથવા તો નિરાશ થઈ જાય છે અને તેને ભાગ્ય કે નિયતિ પર છોડી દે છે. જાહેર યોજનાઓના લાભ મેળવવાનું મુશ્કેલ થઈ પડે છે અને ઘણી વખત દિવ્યાંગ વ્યક્તિઓ શિક્ષણ, આરોગ્ય સેવાઓ તથા અન્ય પાયાની જરુરિયાતો સુધીની તદ્દન ઓછી પહોંચ અથવા તો પહોંચના અભાવે ઘરમાં કેદ થઈ જાય છે. કોઈ પણ પ્રકારનું સામાજિક સંરક્ષણ અને સુરક્ષા યોજનાઓના લાભ પ્રાપ્ત કરવા માટે દિવ્યાંગ વ્યક્તિઓએ સૌપ્રથમ વિકલાંગતા પ્રમાણપત્ર મેળવવાનું રહે જરુરી બની રહે છે, જેમાં ઓછામાં ઓછી 40 ટકા અક્ષમતા દર્શાવી હોય. આ પ્રમાણપત્રમાં વિકલાંગતાના સ્વરુપ અને તેની તીવ્રતાની નોંધ કરવામાં આવે છે. વિકલાંગતા પ્રમાણપત્રો ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ થકી કોઈ પણ વિશેષ પરિસ્થિતિમાં અધિકૃત ચિકિત્સક કે સિવિલ સર્જન દ્વારા જારી કરવામાં આવે છે. આ પ્રમાણપત્રો જિલ્લા હોસ્પિટલ દ્વારા અને તાલુકા સ્તરે હાથ ધરવામાં આવતી શિબિરો દ્વારા જારી કરવામાં આવે છે. ગુજરાતમાં ત્યાર બાદ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પાસે ઓળખપત્ર હોવું જરુરી છે, જે સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ હેઠળના સામાજિક સંરક્ષણ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા બસ પાસ તરીકે પણ ઉપયોગી બની રહે છે.

સમુદાય અને શાળાઓ, ખાસ કરીને વિકલાંગતા ધાવનારી વ્યક્તિઓની જરુરિયાતો સંતોષવા માટે તૈનાત વિશેષ શિક્ષકો સાથે કામ પાર પાડનારા સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓ સાથેની અમારી પ્રારંભિક



વાતચીત પરથી વિકલાંગતા શિબિરોની નાદુરસ્ત સ્થિતિ વિશે જાણ થઈ. જિલ્લામાં અને રાજ્યમાં પ્રમાણનનો સરેરાશ દર 2 - 4 વ્યક્તિઓ પ્રતિ શિબિર હતો. વસ્તી ગણતરીના ડેટા અનુસાર વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના પ્રમાણનનો રાજ્ય વાર દર ઘણો જ નબળો અને અન્ય રાજ્યોની તુલનામાં ઘણો જ નીચો છે. પીડબલ્યુડી અધિનિયમ, 1995 હેઠળ 22 વર્ષો બાદ સાત વિકલાંગતાઓના પ્રમાણનનો રાષ્ટ્રીય દર માત્ર 49.5 ટકા છે (સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના 2015-16ના વાર્ષિક અહેવાલ અનુસાર).

### પ્રભાવિત ફેરફારો

વ્યાપક અને સૂક્ષ્મ પરિસ્થિતિનું વિશ્લેષણ સૂચવે છે કે, દિવ્યાંગ લોકોને જાહેર યોજનાઓના લાભો પ્રાપ્ત કરવા સક્ષમ બને, તે માટે વિકલાંગતા પ્રમાણપત્ર મેળવવા માટેની પ્રક્રિયાઓને માનવતા સાથે સરળ બનાવવી જરૂરી છે તથા અધિકારીઓની સંવેદનશીલતામાં અનેકગણો વધારો કરવો જરૂરી છે. જો કોઈ યોજનાના લાભ પ્રાપ્ત કરવા માટેની પ્રક્રિયાનો યોજનામાં જણાવવામાં આવેલી 'વાસ્તવિકતા' સાથે સહસબંધ પ્રસ્થાપિત કરવાનો હોય અને 'કાનૂની' પ્રક્રિયા સાથે તેને સુસંગત કરવાનો હોય, તો તે માટે ઘણી અડચણોને દૂર કરવી જરુરી છે. કોઈપણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પ્રાઇમરી હેલ્થ સેન્ટર - પીએચસી) દ્રશ્યમાન (જોઈ શકાય તેવી) વિકલાંગતાઓ માટે વિકલાંગતા પ્રમાણપત્ર આપવાની અધિકૃતતા ધરાવે છે. પરંતુ, ઘણી વખત પીએચસી ડોક્ટરો સાહજિકતા નથી અનુભવતા અથવા તો એમ કહી શકાય કે વિકલાંગતા પ્રમાણપત્ર જારી કરવાનું જોખમ ખેડવા નથી માંગતા. બીજો વિકલ્પ સિવિલ હોસ્પિટલ દ્વારા યોજવામાં આવતી શિબિરમાં જવાનો છે. ગુજરાતમાં આ શિબિરો જિલ્લા સિવિલ હોસ્પિટલ દ્વારા દરેક તાલુકા માટે વર્ષમાં એક વાર તાલુકા અનુસાર યોજવામાં આવે છે. ઘણી વખત ઓછી જાગૃતતાના કારણે લોકો શિબિરમાં આવતા નથી. દિવ્યાંગ વ્યક્તિઓને લાવવા-લઈ જવા મુશ્કેલ છે અને તે માટેની મદદ પૂરી પાડવી જરૂરી છે. જો વિકલાંગતા ધરાવનારી વ્યક્તિ કોઈ રીતે શિબિરના સ્થળે પહોંચી જાય, તો તે સુનિશ્ચિત કરવું જોઈએ કે તમામ સ્પેશ્યાલિસ્ટ્સ (નિષ્ણાતો) શિબિરમાં ઉપલબ્ધ હોય. ઘણી વખત સાક્ષરતાના નીચા સ્તરને કારણે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ અને તેમના પરિવારો પાસપોર્ટ સાઇઝના ફોટા કે બીપીએલ કાર્ડ લઈ જવાનું ભૂલી જાય છે, જેમાં અક્ષમતા ધરાવનારી વ્યક્તિનું નામ સભ્ય તરીકે સામેલ હોય છે. સાંભળવાની ખામી ધરાવનારી વ્યક્તિઓ માટે અક્ષમતાનું પ્રમાણપત્ર જારી કરતાં પહેલાં ઓડિયોગ્રામ કરવું જરૂરી બની રહે છે. ઘણી વખત જિલ્લા સ્તરે પણ આ મશીનની સુવિધા ઉપલબ્ધ હોતી નથી અને ફક્ત રાજ્ય સ્તરની સિવિલ હોસ્પિટલમાં જ તે ઉપલબ્ધ હોય છે, કારણ કે તે માટે સાઉન્ડપ્રૂફ રૂમની સાથે-સાથે ઓડિયોલોજિસ્ટની સેવા પણ જરૂરી બની રહે છે.

આથી, સૌપ્રથમ વિકેન્દ્રીકૃત તંત્રના માધ્યમથી અક્ષમતા પ્રમાણપત્ર જારી કરવા માટે એવો પ્રોટોકોલ સ્થાપિત કરવાની જરૂરિયાત વર્તાઈ, જેમાં વહીવટી તંત્ર વિકલાંગ વ્યક્તિઓના ઘર સુધી પહોંચવાનો પ્રયત્ન કરે. એક પ્રાયોગિક આધાર પર પ્રોટોકોલમાં સામેલ થનારી તમામ સુવિધાઓને વાસ્તવમાં જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી લાગુ કરવામાં આવી હતી. 25મી નવેમ્બર, 2014ના રોજ સાબરકાંઠાના કલેક્ટરને વિકલાંગતા માટે શિબિરોમાં અક્ષમતા પ્રમાણન જારી કરવા માટે અધિકારોનો ઉપયોગ કરવા માટેનો પ્રોટોકોલ વિકસાવવા અંગેનો પત્ર સુપરત કરવામાં આવ્યો હતો. દિવ્યાંગ વ્યક્તિઓ ઘોર બહિષ્કારનો અનુભવ કરે છે અને ઘણી વખત ઘરની અંદર પણ એકાંતમાં રહે છે, આથી વિકલાંગતાની ઓળખ કરવી એ જટિલ મુદ્દો છે. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ (મહિલાઓ, બાળકો અને વડીલો) માટેના મળવાપાત્ર લાભોને પ્રાપ્ત કરવા માટેની પ્રક્રિયાને સુવિધાજનક બનાવવા માટે નીચે પ્રમાણેનાં પગલાંઓ સૂચવવામાં આવ્યાં હતા:

1. એવી દરખાસ્ત છે કે ગામ સ્તરે વિવિધ સરકારી કર્મચારીઓ જેમ કે આંગણવાડી કાર્યકરો અને સહાયક, આશા કાર્યકર, શાળાના શિક્ષકો/આચાર્યો અને સંસાધન શિક્ષકો સહિત તાલુકા/ ક્લસ્ટર સંસાધન કેન્દ્રોના કર્મચારીઓને વિકલાંગતા ધરાવનારાં બાળકોની શરૂઆતમાં જ ઓળખ કરવા માટે સંવેદનશીલ કરવામાં આવે અને તેમને સુમાહિતગાર બનાવવામાં આવે. આ તાલીમો તાલુકા સ્તરે સુવિધાજનક દિવસે અડધા દિવસ માટે તથા પ્રત્યેક તાલીમદીઠ આશરે 150 વ્યક્તિઓની સહભાગીતા સાથે હાથ ધરી શકાય છે (પ્રત્યેક તાલુકાની તારીખ અમુક મહિનાઓના સમયાંતરે નક્કી કરી શકાય છે).

   આ કામગીરી હાથ ધરવા માટે અમદાવાદ સ્થિત 'બ્લાઇન્ડ પિપલ્સ એસોસિએશને' (અંધજન મંડળ) સંસાધન વ્યક્તિઓના

પરિવહન/વાહન ખર્ચ માટે જરૂરી ખર્ચને બાદ કરતાં માનદ ધોરણે આ તાલીમો હાથ ધરવા માટે સંમતિ દર્શાવી છે. તાલુકા સ્તરે આતિથ્ય સત્કારની વ્યવસ્થા કરવી જરૂરી છે. તાલીમ દરમિયાન ઉપયોગ કરવા માટે પીપીટી અને ચેકલિસ્ટ સાથે આપવામાં આવે છે. તાલીમની પદ્ધતિઓમાં સિમ્યુલેશન/ અનુભવ અભ્યાસ અને દ્રશ્ય/શ્રાવ્ય સામગ્રીની સામગ્રીનો સમાવેશ થશે. એવું જોવા મળ્યું છે કે, વિકલાંગતા પ્રમાણપત્રો જારી કરવા માટેની શિબિરોમાં અધિકૃત વિશેષજ્ઞો (વિશેષજ્ઞોએ સવારે અને સાંજે ઓપીડીમાં હાજર રહેવું પડે છે તથા બપોર દરમિયાન અક્ષમતા શિબિરમાં ઉપસ્થિત રહેવું પડે છે, જેના કારણે તેઓ દબાણનો અનુભવ કરે છે અને તેમના કામનું ભારણ વધી જાય છે) અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો (પોતાની રીતે શિબિરના સ્થળે પહોંચવું પડકારજનક છે અને શિબિર વિશે સમયસર જાણકારી મળતી નથી) - એ તમામે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

2. દિવ્યાંગ વ્યક્તિઓ અને તેમની સાથે આવનારા - એસ્કોટ્‌ર્સ (પુખ્ત વ્યક્તિના કિસ્સામાં એક અને 12 વર્ષ કરતાં ઓછી વયનાં બાળકોના કિસ્સામાં બે વ્યક્તિ) માટે પરિવહનની સહાય પૂરી પાડવા માટે જિલ્લામાં તમામ પીએચસીને એક પરિપત્ર જારી કરવો. શિબિરના દિવસે નજીકના સીએચસી સુધી પહોંચવા માટે પરિવહનની વ્યવસ્થા પીએચસી ડોક્ટર દ્વારા ઉપયોગમાં લેવાતા વાહન દ્વારા અથવા તો સમિતિ (રોગી કલ્યાણ સમિતિ અથવા તો ગ્રામ્ય સ્વાસ્થ્ય સ્વચ્છતા અને પોષણ સમિતિ) ફંડમાંથી વાહન ભાડે લઈ શકાય છે. વાહન ખર્ચને લગતું ભાડું સરકારી માપદંડો અનુસાર હોઈ શકે છે.
3. મેડિકલ (દાક્તરી), અગ્નિ શમન અને પોલીસ સેવાઓ માટે મોબાઇલ વાન/ એમ્બ્યુલન્સ સેવાઓના ઉપયોગ માટે એક પરિપત્ર જારી કરવો - 108નો ઉપયોગ દિવ્યાંગ લોકો તથા તેમના એસ્કોટ્‌ર્સને ગામ/પંચાયતથી પીએચસી/ સીએચસી સુધી પહોંચાડવા માટે કરવો.
4. વિજયનગર અને પોશીના તાલુકાઓનાં ઘણાં ગામો/ પંચાયતો ચોમાસાની ઋતુ દરમિયાન નદીઓમાં પૂર આવવાને કારણે વિખૂટાં પડી જાય છે. આથી, વિકલાંગતા પ્રમાણપત્ર જારી કરવા માટેની શિબિરો દર વર્ષે જુલાઈ-ઓક્ટોબરના મહિનાઓમાં યોજવી જોઈએ નહીં.
5. સામાજિક સુરક્ષા વિભાગ દ્વારા ઓળખ પત્ર જારી કરવા માટેની વ્યવસ્થા શિબિરના દિવસે જ થવી જોઈએ. ટીમે વેબકેમ અને કમ્પ્યુટર સાથે રાખવા જોઈએ, જેથી દિવ્યાંગ વ્યક્તિઓને વિવિધ આકારો (પ્રમાણપત્ર માટે પાસપોર્ટ સાઈઝના અને ઓળખપત્ર માટે પોસ્ટકાર્ડ સાઈઝના) ફોટોગ્રાફ આપવા ન પડે.
6. 2007માં એક જીઆર જારી કરવામાં આવ્યો હતો, જે અનુસાર બીપીએલ કાર્ડધારકોએ આવકનું પ્રમાણપત્ર આપવાની જરૂર નથી, પરંતુ તેનું પાલન કરવામાં આવતું નથી અને ઓળખ પત્ર જારી કરવા માટેનાં ફોર્મમાં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.
7. દરેક જિલ્લામાં શિબિરોની સંખ્યામાં વધારો કરવામા આવે અને વિશેષજ્ઞોને શિબિરના દિવસે ફક્ત સવારના ઓપીડીમાં હાજર રહેવા માટે કહેવામાં આવે, જેથી તેઓ પ્રમાણનની કામગીરી પર યોગ્ય ધ્યાન આપી શકે.
8. શિબિર પહેલાં અને તે દરમિયાન વિઝિટિંગ વિશેષજ્ઞોને સહાયતા પૂરી પાડવા માટે સીએચસીની ભૂમિકાની રૂપરેખા તૈયાર કરવી અને શિબિર બાદ સર્જરી કે સારવારની જરૂરિયાત ધરાવનારા દર્દીઓને તે અંગે યાદ દેવડાવતા રહેવું.
9. વિવિધ એજન્સીઓ અને સામાજિક સુરક્ષા વિભાગ દ્વારા ઓળખ કરવામાં આવેલી વ્યક્તિઓ માટે સહાયક સાધનો અને ઉપકરણોના વિતરણ માટે તાલુકા સ્તરે શિબિરોનું આયોજન કરવું.
10. અન્ત્યોદય કાર્ડ સાથે દર વર્ષે રૂ. 47,000 કરતાં ઓછી આવક ધરાવનારી દિવ્યાંગ વ્યક્તિઓને સક્ષમ બનાવવા માટે પરિપત્ર જારી કરવો, જેથી તેઓ ભોજનનો અધિકાર પ્રાપ્ત કરી શકે.
11. સાંભળવાની ખામી ધરાવતી વ્યક્તિઓના મૂલ્યાંકનની સુવિધા માટે જિલ્લા સિવિલ હોસ્પિટલમાં પૂર્ણ સમયના ઓડિયોલોજિસ્ટની સાથે એક ઓડિમેટ્રિક રૂમ ઊભો કરવો.

સાથે જ, 2014 અને 2015માં મુખ્ય (પ્રિન્સિપલ) સચિવ, સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગને ઉપરોક્ત સૂચનો લેખિતમાં પણ આપવામાં આવ્યાં હતાં. આ મુદ્દે ચર્ચા કરવા માટે રૂબરૂ બેઠકો પણ યોજવામાં આવી હતી. આ ઉપરાંત, રાજ્યમાં દિવ્યાંગ લોકો માટેની સરકારી યોજનાઓ અને અધિકારો પ્રાપ્ત કરવા માટે નીચે મુજબનાં સૂચનો પણ આપવામાં આવ્યાં હતાઃ

i. દિવ્યાંગ વ્યક્તિઓ માટેના લાભ એક વિશિષ્ટ આવક મર્યાદા (હાલમાં દર વર્ષે 2,50,000 રૂપિયા)ના માપદંડો હેઠળ પૂરા પાડવામાં આવે છે. આથી, બીપીએલ કાર્ડ રાખવાના વધારાના માપદંડને દૂર કરી શકાય છે.
ii. ઉલ્લેખનીય છે કે, એસજેઇ વિભાગે ગુજરાત માટે વિકલાંગતા નીતિ નક્કી કરી છે, જે માટે અમે કામગીરી કરી હતી અને જાન્યુઆરી, 2013માં વિભાગને એક મુસદ્દો સુપરત કરવામાં આવ્યો હતો તથા દેશમાં વિકલાંગતા ક્ષેત્રે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના પ્રતિભાવો સહિત એક સુધારા સાથેની આવૃત્તિ સપ્ટેમ્બર 2013માં પ્રેઝન્ટેશન (પીપીટી) સાથે સુપરત કરવામાં આવી હતી. રાજ્યમાં રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને ડીપીઓ સાથેની સલાહ-મસલતથી ઔપચારિક ધોરણે તેને મંજૂરી આપવાની વિનંતી કરવામાં આવે છે.

જાન્યુઆરી-માર્ચ 2015 દરમિયાન, સાબરકાંઠા જિલ્લાના આઠ તાલુકાના 1908 આંગણવાડી કાર્યકર્તાઓને 'બ્લાઈન્ડ પિપલ્સ એસોસિએશન' (બીપીએ), અમદાવાદના સહયોગથી શરૂઆતમાં જ વિકલાંગતાની ઓળખ કરવા માટે તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ)એ કાર્યક્રમ અધિકારી (પ્રોગ્રામ ઓફિસર - પીઓ) આઇસીડીએસના માધ્યમથી આ તાલીમોના સંચાલન માટે એક બજેટને મંજૂરી આપી, જેમાં આંગણવાડી કાર્યકર્તાઓ માટે ભોજન અને પ્રવાસનો સમાવેશ થતો હતો અને બીપીએથી સંસાધન વ્યક્તિઓના પ્રવાસનો સમાવેશ થતો હતો. તમામ આંગણવાડી કાર્યકર્તાઓએ તેમના સંબંધિત તાલુકાઓમાં દિવ્યાંગ બાળકોની ઓળખ કરી અને તે તાલુકાઓમાં શિબિરનું આયોજન થાય તે સમયે તે બાળકો માટે વિકલાંગતા પ્રમાણપત્ર મેળવવાની જવાબદારી ઉપાડી. એકલા પોશીના અને વિજયનગરમાં તે વર્ષે હાથ ધરાયેલી વિકલાંગતા શિબિરોમાં 500 કરતાં વધુ લોકોની નોંધણી કરવામાં આવી અને 250 કરતાં વધુ વ્યક્તિઓને એક શિબિરમાં વિકલાંગતા પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યાં. જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રના સહયોગથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, ખાસ કરીને જેમને આંગળીઓ, અંગૂઠા અને દ્રશ્યમાન કીકી ન હોય તેવી વ્યક્તિઓ માટે શિબિરના સ્થળે જ આધાર કાર્ડ જારી કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. યુઆઇડીએઆઇનો સુપરવાઇઝરી સ્ટાફ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના કિસ્સામાં અન્ય દ્રશ્યમાન ઓળખ ચિહ્નો લેવાના વિકલ્પો પ્રાપ્ત કરવાનો અધિકાર ધરાવે છે. દિવ્યાંગ વ્યક્તિ રાજ્યમાં તેનું આધાર કાર્ડ પ્રાપ્ત કરી શકે તેવું આ પ્રથમ વાર બન્યું હતું. આ અગાઉ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને આધાર નોંધણીનો ઇન્કાર કરી દેવાતો હતો. આ અંગે કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી અને મામલતદારે અલગ કીટ અને સુપરવાઇઝરી સ્તરના સ્ટાફની ગોઠવણ કરવામાં ખાસ રસ દાખવ્યો હતો, જેથી વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને આધાર કાર્ડ જારી કરી શકાય.

તે જ વર્ષે 2015માં, જિલ્લામાં અમારા અનુભવોના આધારે, જિલ્લામાં




અમારા અનુભવોના આધારે વિકલાંગતા શિબિરનું આયોજન કરવા પ્રોટોકોલની સ્થાપના માટેની અરજીઓ ફરીથી ગુજરાત સરકારના સામાજિક સુરક્ષાના નિર્દેશક, સામાજિક ન્યાય અને સશક્તિકરણના મુખ્ય સચિવ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના મુખ્ય સચિવને સુપરત કરવામાં આવી હતી. સંબંધિત વિભાગો સાથેના સતત સંવાદના પરિણામે 2016ના વર્ષમાં ઘણા ફેરફારો થયા. આરોગ્ય અને પરિવાર કલ્યાણ કમિશનર દ્વારા વિકલાંગતા શિબિરનું આયોજન કરવા માટેની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા માટે એક પરિપત્ર ઔપચારિક ધોરણે 29 જાન્યુઆરી, 2016ના રોજ જારી કરવામાં આવ્યો હતો, જેમાં વિકલાંગતાની શરૂઆતથી જ ઓળખ કરવા માટે આંગણવાડી કાર્યકર્તાઓ, આશા અને એફએચડબલ્યુની તાલીમ, ઓડીમેટ્રી માટે જોગવાઈ, શિબિરમાં ભાગ લેનારાઓ માટે પરિવહનની મદદ અને શિબિરના સ્થળે તૈયારી કરવાનો સમાવેશ થતો હતો. પરિપત્રમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શિબિર સ્થળે વ્યવસ્થા કરવાની જવાબદારી સ્થાનિક સ્તરની આરોગ્ય સેવા વિતરણ સંસ્થા અર્થાત્ દરેક તાલુકાના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી)ની છે. તે જિલ્લા ગુણવત્તા બાંયધરી ચિકિત્સા (મેડિકલ) અધિકારી - ડીક્યૂએએમઓ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવશે. ભાવી લાભાર્થીઓ - દિવ્યાંગ વ્યક્તિઓને લાવવા-લઈ જવાની કામગીરી આશા કાર્યકરો દ્વારા કરવામાં આવશે. પરિવહનની વ્યવસ્થા મુખ્ય જિલ્લા સ્વાસ્થ્ય અધિકારી (સીડીએચઓ) અને મુખ્ય જિલ્લા મેડિકલ અધિકારી (સીડીએમઓ)એ કરવાની રહેશે. તમામ આશા, આંગણવાડી કાર્યકરો અને એએનએમને વિકલાંગતાની પ્રારંભિક ઓળખ અંગેની તાલીમ આપવાની હતી. સાંભળવાની ખામી માટે ઓડિયોમેટ્રી તપાસ (પરીક્ષણ) કરવા માટે ઓડિયોલોજિસ્ટની સુવિધાઓ સીડીએમઓએ ઉપલબ્ધ કરાવવાની રહેશે. આ સુવિધાઓ કાં તો શિબિરના સ્થળે પ્રાપ્ત હોવી જોઈએ અથવા તો સાંભળવાની ખામી ધરાવતી અને જિલ્લા સ્તરે ઓળખ કરવામાં આવી હોય તેવી (દિવ્યાંગ) વ્યક્તિનું ઓડિમેટ્રિક પરીક્ષણ કરવા અને તેના માટે પ્રમાણપત્ર જારી કરવા તેને નિર્દિષ્ટ તારીખે લઈ જવાની વ્યવસ્થા સીડીએમઓએ કરવાની રહેશે. આ પરિપત્રની મદદથી અત્યાર સુધીમાં પોશીના અને વિજયનગર, બંને તાલુકામાં 745 દિવ્યાંગ લોકોને વિકલાંગતા પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યાં છે અને 250 વ્યક્તિઓ માટે ઓળખપત્રો/બસ પાસ જારી કરવામાં આવ્યાં છે.

તે જ વર્ષે 21મી એપ્રિલ, 2016ના રોજ સામાજિક સુરક્ષા વિભાગે ઓળખ પત્ર / બસ પાસ પ્રાપ્ત કરવા માટે દિવ્યાંગ વ્યક્તિઓ માટે આવકની સીમાના માપદંડો હટાવવા માટે એક પરિપત્ર જારી કર્યો. આ પગલાથી રાજ્યમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ઓળખ પત્ર અને બસ પાસ પ્રાપ્ત કરવું સરળ થઈ ગયું, કારણ કે મોટા ભાગના દિવ્યાંગ વ્યક્તિઓ રોજગારી ધરાવતા નથી અને તેમની વ્યક્તિગત

આવક નથી. ત્યાર બાદ મે, 2018માં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ત્રણ અન્ય યોજનાઓ - લગ્ન, સાધન અને ઉપકરણ તથા પોલિયોથી પ્રભાવિત વ્યક્તિઓને લગતી સર્જરી માટે આવકનો માપદંડ હટાવી દેવાયો.

ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી તથા અન્ય ઘણા પ્રકારની વિકલાંગતા ધરાવનારા લોકો માટે નેશનલ ટ્રસ્ટ એક્ટ, 1999 હેઠળ 10 યોજનાઓનો એક પાનાનો સંક્ષિપ્ત સાર ગુજરાતીમાં બીપીએના સહકારથી તૈયાર કરવામાં આવ્યો હતો તથા વર્ષ 2016માં ગુજરાતમાં જિલ્લા સ્તરે સામાજિક સુરક્ષા વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

તમામ દિવ્યાંગ લોકો માટે વિકલાંગતા પ્રમાણપત્ર અને ઓળખ પત્ર મેળવવા આડેની અડચણો પાર કર્યા બાદ, જાહેર યોજનાઓના વાસ્તવિક લાભ પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું. ગુજરાતમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013નો અમલ એપ્રિલ, 2016માં કરવામાં આવ્યો હતો. આ દિશામાં પ્રથમ પ્રયાસ રાજ્ય એનએફએસએ હેઠળ પ્રાથમિકતા ધરાવનારા પરિવારો હેઠળ દિવ્યાંગ વ્યક્તિઓને સામેલ કરવાનો હતો. એક નવા પરિપત્રમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે 40 ટકા અક્ષમતા પ્રમાણપત્ર ધરાવતી દિવ્યાંગ વ્યક્તિઓ એનએફએસએ હેઠળ અન્ત્યોદય કાર્ડ મેળવવા પાત્ર છે. હાલમાં વિકલાંગતાની જે પરિભાષા સ્વીકૃત છે, તે દિવ્યાંગ વ્યક્તિ અધિનિયમ, 1995 અનુસાર છે. એસજેઇ વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી. 15મી જૂન, 2016ના રોજ એક પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો. આમ કરવા પાછળનું કારણ એ હતું કે વિજયનગરના મામલતદારે 40 ટકા અક્ષમતા ધરાવનારા દિવ્યાંગ વ્યક્તિઓ માટે અન્ત્યોદય કાર્ડ જારી કરવાનો ઇનકાર કરી દીધો હતો. અન્ત્યોદય કાર્ડ માટે જીઆર દ્વારા દિવ્યાંગ લોકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, પરંતુ વિકલાંગતાની ટકાવારી વિશે કોઈ ઉલ્લેખ ન હતો. મામલતદારનો એવો અભિપ્રાય હતો કે દિવ્યાંગ વ્યક્તિઓને અન્ત્યોદય કાર્ડ જારી કરવા માટેના માપદંડ એ જ છે, જે પેન્શન માટે લાગુ હોય છે, જે 80 ટકા વિકલાંગતાનો માપદંડ ધરાવે છે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના એક વિદ્યાર્થીએ દિવ્યાંગ લોકો માટે રાઇટરોની માર્ગદર્શિકાના અમલીકરણને લાગુ કરવાની વિનંતી કરી હતી. દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને ભાવિ કર્મચારીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, કારણ કે રાઇટરોની માર્ગદર્શિકાઓ શાળાઓ અને ભરતી એજન્સીઓ દ્વારા સમાન ધોરણે લાગુ કરવામાં આવી ન હતી. દિવ્યાંગ વ્યક્તિઓ માટેની રાઇટર માર્ગદર્શિકાઓના અમલીકરણ માટે સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના મુખ્ય સચિવને એક અનુરોધ પત્ર પાઠવવામાં આવ્યો હતો. તેના સહાયક દસ્તાવેજો બોમ્બે હાઈ કોર્ટનો ચુકાદો, કેન્દ્રીય માર્ગદર્શિકા વગેરે પણ એકત્રિત કરવામાં આવ્યા છે અને સુપરત કરવામાં આવ્યા છે. 2016માં આ દસ્તાવેજો સુપરત કર્યા બાદ માલૂમ પડ્યું કે, કેન્દ્રીય માર્ગદર્શિકાઓનો અમલ કરવા માટેનો આદેશ એસજેઇ વિભાગ દ્વારા 30 સંબંધિત વિભાગોને રાજ્ય દ્વારા યોજાતી - પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, યુનિવર્સિટી, જીપીએસસી, તમામ ભરતીઓ વગેરે બધી જ પરીક્ષાઓમાં અમલીકરણ માટે જારી કરવામાં આવ્યો છે.

નબળા સમુદાયોને જાહેર યોજનાઓના લાભો પ્રાપ્ત કરાવવા દરમિયાન માલૂમ પડ્યું કે કોઈ પણ યોજના માટેની પાત્રતા સાબિત કરવાની જવાબદારી લાભાર્થીની છે. દિવ્યાંગ વ્યક્તિઓને અડચણરૂપ પરિસ્થિતિને કારણે કોઈ પણ યોજનાના લાભો પ્રાપ્ત કરવામાં ઘણી જ મુશ્કેલી પડે છે અને સામાજિક સુરક્ષાના લાભો પ્રાપ્ત કરવામાં તકલીફોનો સામનો કરવો પડે છે. કડક શરતોને કારણે પરિવારના સભ્યો પણ નજીવી રકમ માટે દસ્તાવેજો એકઠા કરવામાં રસ દાખવતા નથી. ગુજરાતમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને પેન્શનની પાત્રતા માટે 0-16ના બીપીએલ સ્કોર સાથે 80 ટકા વિકલાંગતાનું પ્રમાણ હોવું જરૂરી છે, જેમાં 17 વર્ષ કરતાં નાની વયનાં બાળકો માટે માસિક 400 રૂપિયા અને 18-64 વર્ષની વયની વ્યક્તિઓ માટે 600 રૂપિયા મળે છે. જ્યારે ગોવા અને તેલંગણા જેવાં અન્ય રાજ્યોમાં સામાજિક-આર્થિક સૂચકાંક અપનાવવામાં આવ્યો છે અને પેન્શનની માસિક રકમ ઘણી વધારે, જેમ કે, 1થી 60 વર્ષના વય જૂથના 90 ટકા અને તેનાથી વધારે વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે માસિક 3,500 રૂપિયા, 21 વર્ષ કરતાં વધુ વય અને 40 ટકા તથા તેથી વધુ વિકલાંગતા માટે માસિક રૂપિયા 2,500 તથા 1થી 20 વર્ષની વયમાં 40 ટકા અને તેથી વધુ વિકલાંગતા માટે માસિક રૂ. 2,000ની જોગવાઈ છે. જ્યારે તેલંગણામાં 40 ટકા વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ માટે રૂ. 1,500 પ્રતિ માસની જોગવાઈ છે.

જુદાં-જુદાં રાજ્યોમાં વિકલાંગતા પેન્શન અને વૃદ્ધાવસ્થા તથા વિધવા પેન્શનનો તુલનાત્મક અહેવાલ રકમ અને માપદંડમાં સુધારો કરવા માટે સીએમઓ, મુખ્ય સચિવ અને એસજેઇ મંત્રી તથા એસજેઇ મુખ્ય સચિવને સુપરત કરવામાં આવ્યો હતો. વિકલાંગતા પેન્શનનાં તુલનાત્મક અહેવાલમાં ગોવા, પુડુચેરી, તેલંગણા, આંધ્ર પ્રદેશ, દિલ્હી, કર્ણાટક, તમિલનાડુ અને ગુજરાત જેવાં રાજ્યો તથા પ્રદેશોને આવરી લેવાયાં હતાં. 2016થી રાજ્ય વિભાગ સાથે સતત સંવાદ કર્યા બાદ 2017માં વિકલાંગતા પેન્શન માટેના માપદંડમાં ફેરફાર કરવામાં આવ્યો છે. બીપીએલ સ્કોર માટેનો માપદંડ વિકલાંગતા પેન્શન પૂરતો જ નહીં, બલ્કે સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ દ્વારા અમલી વૃદ્ધાવસ્થા પેન્શન અને અનુસૂચિત જાતિ અને જનજાતિ

માટેની અન્ય તમામ યોજનાઓ માટે વધારીને 0-20 કરવામાં આવ્યો છે. વિકલાંગતા પેન્શન માટે સુધારવામાં આવેલા લાભ 0-70 વર્ષ માટે 600 રૂપિયા અને 80 વર્ષ કરતાં વધુ વય માટે 1,000 રૂપિયા છે. દ્રષ્ટિની ખામી ધરાવતા લોકો માટે આ માપદંડ 80 ટકા કે વધુ વિકલાંગતા, સાંભળવાની ખામી ધરાવતી વ્યક્તિઓ માટે 70 ડેસિબલ કે તેથી વધુ અને બૌદ્ધિક (માનસિક) ખામી ધરાવનારી વ્યક્તિઓ માટે 35-44 આઇક્યૂ છે. અમારા અંદાજ અનુસાર, આ સુધારાને પગલે રાજ્યમાં લાભાર્થીઓની સંખ્યા બેવડાઈ જશે. પરંતુ, વિટંબણા એ છે કે આ યોજનાઓ માટેના બજેટમાં વધારો થયો નથી. વિભાગીય અધિકારીઓ એવો અભિપ્રાય ધરાવે છે કે માગમાં વધારો થશે નહીં અને જો માગ વધે, તો પણ આકસ્મિક બજેટમાંથી વધારાના ભંડોળની માગણી કરી શકાય છે.

સ્થાનિક સ્તરે ખાસ કરીને પોશીના તાલુકામાં 2018માં 30 દિવ્યાંગ લોકોના તાલુકા સ્તરના જૂથની રચના કરવામાં આવી છે અને નાગરિક આગેવાનોની સહાય સાથે વિકલાંગ વ્યક્તિઓને કૌશલ્ય તાલીમ અને આજીવિકા યોજનાઓની પહોંચ માટે સક્ષમ બનાવવામાં આવી રહ્યા છે. વિકલાંગતા ધરાવતી આ વ્યક્તિઓએ તેમનાં ગામોમાં અન્ય વિકલાંગ વ્યક્તિઓને વિકલાંગતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરાવવાથી લઈને તેમને સરકારી યોજનાઓનો લાભ ઊઠાવવા સક્ષમ બનાવવા માટે સ્વયંને સ્વયંસેવકો તરીકે ઘોષિત કર્યા છે. વિકલાંગતા ધરાવતી સક્રિય વ્યક્તિઓને 'નેશનલ બ્લાઈન્ડ એસોસિએશન'ની જિલ્લા શાખા સાથે સાંકળવામાં આવી છે, જેથી તેઓ સ્થાનિક સ્તરે પણ તેમની જરૂરિયાતો અને અધિકારો માટે હિમાયત કરી શકે. જેમ કે, રાજ્ય પરિવહન વિભાગ સાથે વાતચીત કરવી, જેથી દિવ્યાંગ વ્યક્તિ જ્યારે પણ બસમાં વિના મૂલ્યે પ્રવાસ ખેડે, ત્યારે તેમના કર્મચારીઓને દિવ્યાંગ લોકો પ્રત્યે આદરપૂર્ણ દ્રષ્ટિકોણ અને વ્યવહાર અપનાવવા પ્રેરી શકાય. વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના જૂથે જિલ્લા કલેક્ટરને અરજી સુપરત કરી હતી, જેના પરિણામે રાજ્ય પરિવહનના કર્મચારીઓની સાથે-સાથે ખાનગી પરિવહનના વ્યવહારમાં પણ પરિવર્તન જોવા મળી રહ્યું છે.

ભારતે 2007માં દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલનની પુષ્ટિ કરી છે. ત્યાર બાદની કામગીરીમાં ભારતમાં વિકલાંગતા પર નવો સમાવેશક કાયદો બનાવવા અંગે વિચારણા હાથ ધરવામાં આવી હતી. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે 2011માં લોકોના પ્રતિભાવ તથા મંતવ્યો માટે નવા કાયદાનો મુસદ્દો અપલોડ કર્યો હતો. ત્યારથી અમે દિવ્યાંગ લોકો માટે સામાજિક સુરક્ષા અને સામાજિક સંરક્ષણ પરના નવા કાયદામાં એક અલગ કલમનો સમાવેશ કરવાની હિમાયત કરી રહ્યાં છીએ. નેશનલ હ્યુમન રાઇટ્સ સેન્ટર (એનએચઆરસી) દ્વારા પ્રકાશિત જર્નલના ડિસેમ્બર, 2015ના અંકમાં યુરોપિયન સંઘ પ્રોજેક્ટ સહ-નિર્દેશક (ગુજરાત) દ્વારા 'શાસનમાં સુધારો લાવવા માટેનો પ્રયાસ કરવોઃ ભારતમાં દિવ્યાંગ લોકો માટે સામાજિક સુરક્ષા અને સામાજિક સંરક્ષણ દરમિયાનગીરીમાં સુધારો કરવાની જરૂરિયાત' એ શીર્ષક હેઠળ એક લેખ લખવામાં આવ્યો હતો. ડિસેમ્બર, 2016માં દિવ્યાંગ વ્યક્તિઓનો અધિકાર અધિનિયમ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. ઇયુ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરે (ગુજરાત) દિવ્યાંગ વ્યક્તિ અધિનિયમ 2016 અને 2017માં રાજ્ય વિકલાંગતા નીતિના નિયમો ઘડવા માટે રચવામાં આવેલી રાજ્ય સ્તરની સમિતિમાં સભ્ય તરીકે પ્રતિનિધિત્વ પણ કર્યું છે. ડ્રાફ્ટ નિયમો અને ડ્રાફ્ટ રાજ્ય નીતિ મંજૂરી માટે મુખ્યમંત્રીને સુપરત કરવામાં આવી છે.

## ઉપસંહાર

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ નબળા લોકોમાં પણ સૌથી વધુ નબળા છે અને તેઓ કોઈ અવાજ ધરાવતા નથી, કારણ કે તેઓ તેમના ઘરો સુધી જ સીમિત છે. આપણા સમાજમાં વિકલાંગતાને અત્યંત કલંકિત માનવામાં આવે છે. જૂના વિકલાંગતા અધિનિયમોમાં મુખ્યત્વે પાંચ પ્રકારની વિકલાંગતાઓનો સમાવેશ થતો હતો, પરંતુ નવા કાયદામાં 21 વિકલાંગતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનાથી વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની સંખ્યામાં વધારો થશે, જેઓ આરપીડબલ્યુડી અધિનિયમ, 2016 દ્વારા બાંયધરી ધરાવતી સામાજિક સુરક્ષાની જોગવાઈઓને પ્રાપ્ત કરવા માટે હકદાર હોઈ શકે છે. વધારાના સંસાધનોની ફાળવણી કરવા સિવાય, વિકલાંગતા પ્રમાણપત્ર, સાર્વભૌમિક ઓળખપત્ર, કાર્ડ/બસ પાસ જારી કરવા માટેની જોગવાઈઓને યુદ્ધના ધોરણે લાગુ કરવાની જરૂરિયાત છે. વિકલાંગતા હિમાયતીઓએ દિવ્યાંગ લોકોમાં છેવાડાની વ્યક્તિ - દિવ્યાંગ બાળકો અને મહિલાઓ, ખાસ કરીને તાકીદે સહાયતાની જરૂરિયાત ધરાવનારા લોકો સુધી પહોંચવા માટે સામાજિક સુરક્ષા અને સામાજિક સંરક્ષણને પ્રાથમિક આવશ્યકતાના સ્વરૂપમાં વધારીને પુનઃવિચાર કરવાની અને પુનઃ વ્યૂહરચના ઘડવાની જરૂર છે, જે ભારતમાં દિવ્યાંગ લોકોની મુક્તિ માટેનો આધાર પ્રસ્થાપિત કરશે.

### પરિવર્તનની સૌથી મહત્વપૂર્ણ વાત

(1) તમને શા માટે એવું લાગે છે કે યોજના પર ધ્યાન આપવું જરૂરી છે. (2) તમે શું કર્યું (3) કયાં પરિવર્તનો આવ્યાં (4) લોકોને શું લાભ થયો (5) તેના વિશે તમે શું માનો છો (6) બોધ (શીખ) ■

# શાસન અને નાગરિક શિક્ષણ

- સ્વપ્ની શાહ, સીઓઓ, ઉન્નતિ, રાજસ્થાન

આપણે એવો સમાજ અને સરકાર ઈચ્છીએ છીએ જેમાં માનવ હક્કો અને વ્યક્તિગત ગૌરવને આદર આપવામાં આવે, કાયદાના નિયમોનું નિરીક્ષણ કરવામાં આવે, લોકો સ્વૈચ્છિક રીતે તેમની જવાબદારીઓ પૂરી કરે અને દરેક વ્યક્તિ સમાન હિતપ્રત્યે ધ્યાન આપે. આવા સમાજ અને સરકાર માટેનું સાનુકૂળ વાતાવરણ બંધારણીય લોકશાહી દ્વારા પૂરૂં પાડવામાં આવે છે. આ ઉપરાંત લોકશાહી સામાજિક પરિવર્તનને ઉત્તેજન આપવા માટેનો ફળદાયી આધાર પણ પૂરો પાડે છે. જ્યારે તમામ નાગરિકો સુમાહિતગાર રીતે તથા તેમના હક્કો અને જવાબદારીઓની પૂરતી સમજ સાથે વહીવટમાં સામેલ થાય છે, ત્યારે લોકશાહીના આદર્શો સાકાર થાય છે. સરકારી કર્મચારીઓ અને રાજકીય નેતાઓને લોકો પ્રત્યે ઉત્તરદાયી બનાવીને જાહેર કાર્યક્રમો સુધીની પહોંચમાં વધારો કરવા માટે, જાહેર સંસાધન વ્યવસ્થાપન બહેતર બનાવવા માટે અને ભ્રષ્ટાચારનું પ્રમાણ ઘટાડવા માટે વહીવહટમાં નાગરિકોની સહભાગીતા મહત્વપૂર્ણ બની રહે છે. સ્થાનિક વહીવટમાં નાગરિકોને સાંકળવાથી સમસ્યાઓનું નિરાકરણ લાવવાની સ્થાનિક સત્તાતંત્રની ક્ષમતામાં વધારો થાય છે, વધુ સમાવેશક અને સંયોજક સમુદાયોનું સર્જન થાય છે તથા સમુદાયો દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલની સંખ્યા અને ગુણવત્તામાં વૃદ્ધિ થાય છે.

લોકશાહીને ટકાવી રાખવા માટે નાગરિકો પૂરતું જ્ઞાન, કૌશલ્યો, અભિગમ તથા મૂલ્યો ધરાવતા હોય તે જરૂરી છે. આ ગુણો વારસામાં નથી મળતા. તે શિક્ષણ અને તાલીમ થકી વિકસાવવા જોઈએ. આમ, લોકશાહીની સાતત્યપૂર્ણતા માટે નાગરિક શિક્ષણ જરૂરી છે. વળી, માહિતગાર, અસરકારક અને જવાબદાર નાગરિક સમુદાયનો વિકાસ એ શિક્ષણવિદો, નીતિ ઘડવૈયાઓ અને નાગરિક સમાજના સભ્યો માટેનું મહત્વનું કાર્ય છે.

### નાગરિક શિક્ષણનાં તત્વો

નાગરિક શિક્ષણ લોકશાહીના આદર્શોની સમજૂતિને વેગ આપે છે તથા તેનાં મૂલ્યો તેમજ સિદ્ધાંતો પ્રત્યેની કટિબદ્ધતાને આગળ ધપાવે છે. નાગરિક શિક્ષણ નાગરિકોનાં જ્ઞાન, કૌશલ્ય, અભિગમ તેમજ મૂલ્યોને વર્તણૂંકીય પરિવર્તનમાં રૂપાંતરિત કરવા માટે પ્રભાવિત કરતું હોવું જોઈએ.

નાગરિક શિક્ષણમાં મર્યાદિત, વિકીર્ણ અને વહેંચાયેલી સત્તા માટેના વાજબીપણા તથા લોકશાહી વ્યવસ્થા અંગેની સમજૂતીનો સમાવેશ થવો જોઈએ. તે તેમને સરકારને ઉત્તરદાયી ઠેરવવા માટે સક્ષમ બનાવશે તથા નાગરિકોના વ્યક્તિગત હક્કોનું રક્ષણ થાય તે સુનિશ્ચિત કરવા માટે સક્ષમ બનાવશે. તેમાં કાયદાના મૂલ્યનો સમાવેશ થવો જોઈએ. આ ઉપરાંત નાગરિકોએ ચૂંટણીના રાજકારણથી આગળ વધીને પસંદગીની કવાયત અને સહભાગીતા માટેની વ્યવસ્થામાં ઉપલબ્ધ તકો સમજવાની પણ જરૂર છે. સાથે જ, તેમણે જીવનની ગુણવત્તા સુધારવા માટે તથા તેમનો અવાજ પહોંચાડવા માટેના સાધન તરીકે રાજકીય પ્રક્રિયામાં સક્રિય સહભાગીતાનું મૂલ્ય સમજવાની જરૂર છે. છેલ્લે, તેમણે એ પણ સમજવું જોઈએ કે વ્યક્તિગત લક્ષ્યો અને જાહેર લક્ષ્યાંકોની પ્રાપ્તિ વહીવટમાં સહભાગીતા સાથે સમાંતર ચાલે છે.

નાગરિકો જાહેર એજન્ડા પરના પ્રશ્નોની આકારણી કરવા માટે, નિર્ણયો લેવા માટે અને અન્યો સાથે તેમની આકારણીની ચર્ચા કરવા માટે સક્ષમ બને, તે માટે હોદ્દાઓનું મૂલ્યાંકન કરવાનાં, મેળવવાનાં તથા તેમનું રક્ષણ કરવાનાં કૌશલ્યો મહત્વનાં છે. તે માટે જટિલ વિચારણા (પ્રશ્નનો ઈતિહાસ, સાંપ્રત સુસંગતતા તથા અન્ય બાબતોનો અભ્યાસ કર્યા બાદ ધ્યાનપૂર્વક તેનું મૂલ્યાંકન કરવું), સમજાવટ અને વિશ્લેષણ જરૂરી બની રહે છે. કાર્યો અને પ્રક્રિયાઓ સમજાવવાની ક્ષમતા - જેમ કે, જાહેર કાર્યક્રમની ડિલીવરી, કાયદાકીય તપાસ અને ન્યાયિક સમીક્ષા - નાગરિકોને ગેરરીતિઓ પારખવા તથા તેમાં સુધારો કરવા માટે સક્ષમ બનાવશે. પોષણની સ્થિતિ, સ્થળાંતર, બેરોજગારી કે જાહેર કાર્યક્રમો સુધીની પહોંચમાં પ્રવાહોની સમજૂતી મેળવવી કે તેનું વર્ણન કરવું વર્તમાન ઘટનાઓને લાંબા ગાળાની ઢબમાં રૂપાંતરિત કરવામાં મદદરૂપ બની રહે છે. વિશ્લેષણ કરવાની ક્ષમતા વ્યક્તિને તથઅય અને અભિપ્રાય વચ્ચે અથવા તો સાધનો અને સાધ્યો વચ્ચેનો તફાવત પારખવા માટે સક્ષમ બનાવે છે. સાથે જ તે નાગરિકોને ચૂંટાયેલા કે નિયુક્ત અધિકારીઓ અને નાગરિકો વચ્ચેની જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં મદદરૂપ બને છે. બૌદ્ધિક કૌશલ્યો વ્યક્તિને રાષ્ટ્ર ધ્વજ, રાષ્ટ્રીય સ્મારકો કે નાગરિક અને રાજકીય ઘટનાઓ તથા દેશભક્તિ, બહુમતી અને લઘુમતી હક્કો, નાગરિક સમાજ વગેરે જેવા વિચારો કે વિભાવનાઓનું મહત્વ સમજવા માટે સક્ષમ બનાવે છે.

સહભાગીતા માટે સક્ષમ બનાવતાં કૌશલ્યો અથવા તો વાતચીત, દેખરેખ અને પ્રભાવ ઊભો કરવો એ અસરકારક અને જવાબદાર

સહભાગીતા માટે જરૂરી છે. 'વાતચીત' નાગરિકોએ અન્ય લોકો સાથે પ્રત્યાયન કરવા તથા તેમની સાથે સહકારયુક્ત રીતે કામગીરી કરવા સંદર્ભે છે. અર્થાત્ વિવેકપૂર્ણ રીતે પ્રશ્ન પૂછવો, જવાબ આપવો તથા સલાહ-મસલત કરવી તેમજ જોડાણો પ્રસ્થાપિત કરવાં તથા સંઘર્ષોનું તટસ્થ અને શાંતિપૂર્ણ રીતે નિરાકરણ લાવવું. 'દેખરેખ' એ કાર્યક્રમની ડિલીવરી ટ્રેક કરવા માટે અથવા તો સરકાર દ્વારા થતા પ્રશ્નોના નિવારણ પર નજર રાખવા માટે નાગરિકોનાંજરૂરી કૌશલ્યો સંદર્ભે છે. તેનો અર્થ નજર રાખવાનાં કાર્યો - એવો પણ થાય છે. 'પ્રભાવિત કરવું' વહીવટની ઔપચારિક અને અનૌપચારિક પ્રક્રિયાઓ પર અસર નીપજાવવાના સંદર્ભમાં છે. મતદાન એ પ્રભાવનો અમલ કરવા માટેનું અસરકારક સાધન જરૂર છે, પણ તે એકમાત્ર સાધન નથી. નાગરિકોએ જાહેર એકમો સમક્ષ અરજી કરતાં શીખવું, હિમાયત કરતાં જૂથોમાં જોડાવું અને જોડાણો રચવાં જરૂરી છે.

નૈતિક જવાબદારી, સ્વયંશિસ્ત, માનવ ગૌરવ પ્રત્યે આદર, સૌજન્યતા, કાયદાના નિયમ પ્રત્યે આદર, વિવેચકવૃત્તિ, (અન્યને) સાંભળવાની, વાટાઘાટ કરવાની અને સમાધાન કરવાની ઈચ્છાશક્તિ વગેરે જેવા અભિગમો તથા મૂલ્યો લોકશાહીની જાળવણી માટે મહત્વપૂર્ણ છે. આ અભિગમો અને મૂલ્યો કૌશલ્યોની માફક સમયાંતરે ક્રમશઃ તથા વ્યક્તિ ઘરે, શાળાએ, સમુદાયમાં અને નાગરિક સમાજનાં સંગઠનોમાં જે શીખે અને અનુભવે છે, તેના પરિણામરૂપે વિકસે છે. યોગ્ય અભિગમો અને મૂલ્યો નાગરિકોને જાહેર બાબતો પર ધ્યાન આપવા માટે, બંધારણીય મૂલ્યો અને સિદ્ધાંતો વિશે જાણકારી મેળવવા તથા તે અંગે ચર્ચા-વિચારણા કરવા, રાજકીય નેતાઓ તથા જાહેર સંસ્થાઓ દ્વારા તે મૂલ્યો અને સિદ્ધાંતોના પાલન પર દેખરેખ રાખવા અને જો પાલનનો અભાવ વર્તાય, તો યોગ્ય પગલાં લેવા માટે સક્ષમ બનાવશે. તે નાગરિકોનું વલણ શાંતિપૂર્ણ, કાનૂની સાધનો થકી અન્યાયી કાયદાઓ બદલવા અથવા તો નવા કાયદાઓની માગણી કરવા તરફ વાળે છે.

## નાગરિક આગેવાનોનું ઘડતર – 'ઉન્નતિ'નો અનુભવ

નાગરિકોને સ્થાનિક વહીવટ ક્ષેત્રે અસરકારક ભાગ લેવા સશક્ત બનાવવા શિક્ષણ અને તાલીમ અત્યંત જરૂરી છે. નાગરિકોનાં જ્ઞાન, કૌશલ્યો, અભિગમો અને મૂલ્યો, પરિવાર, ધાર્મિક સંસ્થાઓ, માધ્યમો, સામુદાયિક જૂથો તથા અન્ય પરિબળો દ્વારા આકાર પામે છે. જોકે, નાગરિક સમાજ સંગઠનો જાહેર પ્રયોગશાળાઓ તરીકે કાર્ય કરે છે, જેમાં નાગરિકો લોકશાહીનો અમલ કરીને તેની સમજ મેળવે છે.

'ઉન્નતિ' - ઓર્ગેનાઇઝેશન ફોર ડેવલપમેન્ટ એજ્યુકેશન નાગરિક સમાજ સંગઠન છે. તે ક્ષમતા વર્ધન વિકાસલક્ષી સંગઠન તરીકે ઓળખાય છે. સ્થાનિક વહીવટીસંસ્થાઓને મજબૂત કરવી એ 90ના દાયકાના પ્રારંભથી જ સંગઠનનું ધ્યાનપાત્ર ક્ષેત્ર રહ્યું છે. આ દાયકાના અંત દરમિયાન, સંગઠને નાગરિક આગેવાનોને સ્થાનિક વહીવટ મજબૂત કરવાના ચાવીરૂપ ઘટક તરીકે તૈયાર કરવાનો પ્રયોગ શરૂ કર્યો હતો. નાગરિક આગેવાનો ચૂંટાયેલા હોવાના કે કોઈ ઓફિસમાં હોદ્દો ધરાવવાની પાત્રતાના આધારે નેતા નથી હોતા.તેઓ લોકશાહી વહીવટી માળખામાં નાગરિક તરીકે તેમના હક્કો અને જવાબદારીઓ વિશે જાણે છે. તેઓ અન્ય લોકોનું જીવન બહેતર બનાવવા માટેના માર્ગો તરફ નજર દોડાવે છે અને દેશના વિકાસમાં યોગદાન આપે છે. 'ઉન્નતિ' આવા નાગરિક આગેવાનોને સામાજિક મૂડીની દ્રષ્ટિએ જુએ છે અનેતેમને વધુ પ્રભાવક બનાવવા માટે તાલીમો હાથ ધરીને સામાજિક ન્યાય અંગેના દ્રષ્ટિકોણના વિકાસ, સામુદાયિક ગતિશીલતા પર કૌશલ્ય, વિવિધ સ્તરના સરકારી અધિકારીઓ સાથે સંવાદ, અરજી લખવી, માહિતીની માગણી કરવી અથવા ફરિયાદ નોંધાવવી અને માહિતીની આપ-લે કરવા સહિતની કામગીરીમાં તેમની ક્ષમતાઓ વિકસાવે છે.

નાગરિક આગેવાનોની ઓળખ સામાન્યપણે વંચિત સમુદાયોમાંથી કરવામાં આવે છે. મહિલાઓ તથા વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને સામેલ કરવા માટે વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. સામુદાયિક બેઠકોમાં નાગરિક આગેવાનોની ઓળખ કરવામાં આવે છે. તેમાં શિક્ષણનો માપદંડ લાગુ કરવામાં આવતો નથી. યુવાનોને પ્રાથમિકતા આપવામાં આવે છે, કારણ કે તેઓ વધુ ગતિશીલતા, ઉત્સાહ તેમજ ઊર્જા ધરાવે છે. વળી, સામાન્યપણે તેઓમાં શીખવાની તેમજ પરિવર્તનની તાલાવેલી વધુ હોય છે. શરૂઆતના છ મહિના માટે, ઓળખ કરવામાં આવેલા આગેવાનોને લોકો પાસેથી માહિતી મેળવવાનાં તથા તેમને માહિતી આપવાનાં નાનાં-નાનાં કાર્યો સોંપવામાં આવે છે. સંગઠનના સમુદાય સહાયકો નાગરિક આગેવાનોને સતત માર્ગદર્શન તથા સહાય પૂરાં પાડે છે.

દર મહિને નાગરિક આગેવાનોની તાલુકા સ્તરે બેઠક યોજાય છે. આ બેઠકો સ્થાનિક સ્તરે થયેલાં કાર્યોની ઝીણવટભરી સમીક્ષા કરવા માટેની તથા આયોજન કરવા માટેની તક પૂરી પાડે છે. નાગરિક આગેવાનો તેમના અનુભવો તથા દ્વિધાનું આદાન-પ્રદાન કરે છે અને આગામી મહિના માટે સંયુક્ત એક્શન પ્લાન વિકસાવે છે. સાથે જ ત્યાં જાહેર યોજનાઓની માહિતી તથા નવી ગતિવિધિઓની ચર્ચા થતી હોવાથી તે ક્ષમતા વર્ધન માટેનો મંચ પણ છે. વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે નાગરિક આગેવાનોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે અને જાહેર કાર્યક્રમની જોગવાઈમાં ઉત્તરદાયિત્વ માટે સ્થાનિક પ્રશ્નોનું નિવારણ કરવા માટે અને વહીવટી સુધારાઓને આગળ ધપાવવા માટેની વ્યૂહરચનાઓ માટે સહાય પૂરી પાડવામાં આવે છે. બેઠકોમાં નાગરિક આગેવાનોને વિવિધ જાહેર કાર્યક્રમો વિશેની અપડેટેડ માહિતી આપવામાં આવે છે અને સાથે જ તેમને

ફોર્મ ભરવાની, સ્પષ્ટ શબ્દોમાં અરજી-ફરિયાદ લખવાની અને ડિજિટલ સ્રોતો દ્વારા માહિતી એકત્રિત કરવા અંગે સમજૂતી આપવામાં આવે છે. બેઠકોએ નૈતિક વિચારણાઓના પ્રતિભાવ માટેનો અવકાશ પણ પૂરો પાડ્યો હતો.

છેલ્લાં ચાર વર્ષોમાં 506 નાગરિક આગેવાનો ઊભરી આવ્યા છે અને જાહેર કાર્યક્રમોની માહિતીનો પ્રસાર, ગરીબ અને વંચિત લોકોને જટિલ અરજી પ્રક્રિયા સંપન્ન કરવામાં તથા અન્ય અડચણો દૂર કરવામાં સહાયતા તથા મળવાપાત્ર લાભો ન મળે, તેવા કિસ્સામાં ફરિયાદ કરવા સહિતનાં 7000 કાર્યો હાથ ધર્યા છે. ઉપરાંત તેઓ નાગરિક આગેવાનો અને સ્થાનિક સરકારી અધિકારીઓ વચ્ચે બેઠકોનું આયોજન કરે છે. 75 ટકા નાગરિક આગેવાનો મહિલાઓ છે. નાગરિક કેન્દ્રી કામગીરીને સમર્થન આપવાથી ગુણવત્તાયુક્ત સેવાઓ માટેની સંગઠિત માગ મજબૂત બનાવવામાં મદદ મળે છે. તે ગરીબ અને બહિષ્કૃત સમુદાયો માટે સામાજિક મૂડીનું સર્જન કરે છે.

'જાહેર સેવાઓ ક્ષેત્રે સુધારો લાવવા માટે નાગરિક સામેલગીરી' પરનાં અભિયાનો નાગરિક આગેવાનો દ્વારા દોરાતાં સમાંતર દેખરેખનાં સાધનો તરીકે વિશેષપણે તૈયાર કરવામાં આવ્યાં છે. આ અભિયાનો અમારી એ સમજૂતી પર આધારિત છે કે, સ્થિર પરિવર્તન ત્યારે જ આકાર પામે, જ્યારે લોકો સુમાહિતગાર હોય તેમજ તેમના મળવાપાત્ર લાભો અને હક્કોની માગણી કરવા સશક્ત હોય. જાહેર સેવાઓની પહોંચ તથા તેમની સ્થિતિને લગતી સમસ્યાઓ સમજવા માટે તથા વિનંતી, સંવાદ, રજૂઆતો કે પછી ફરિયાદ નોંધાવવા સહિતનાં સ્થાનિક પગલાં ભરવા માટે લોકોની સહભાગીતા મહત્વની બની રહે છે. અભિયાનો જાહેર યોજનાઓ અને કાર્યક્રમો અંગેની માહિતી પૂરી પાડવા માટેનો મંચ બની રહે છે તથા તે લોકોને ગ્રામીણ સંસ્થાઓને મજબૂત કરવામાં અને સેવા પૂરી પાડનારાઓ પાસેથી ઉત્તરદાયિત્વની માગણી કરવાની કામગીરીમાં સાંકળે છે. તે નાગરિક કામગીરીને સશક્ત બનાવે છે. નાગરિક આગેવાનો વિવિધ ફરિયાદ નિવારણ વ્યૂહરચનાઓથી પરિચિત થાય છે. અભિયાનનું માધ્યમ અંતરિયાળ સ્થળો સુધી પહોંચવામાં મદદરૂપ બને છે. તે તાલુકા, જિલ્લા કે રાજ્ય સ્તરે રજૂઆતની જરૂર હોય તેવા લાંબા સમયથી પ્રવર્તી રહેલા અથવા તો સામાન્ય પ્રશ્નોની ઓળખ કરવામાં સહાયરૂપ બને છે. સેમ્પલના કદ કે કવરેજની દ્રષ્ટિએ આ કવાયતો આંકડાકીય રીતે આલેખાત્મક હોતી નથી. સચિત્ર જાહેર યોજના માહિતી અને આકારણી ડિસપ્લે ચાર્ટ્સ નાગરિક આગેવાનો અને સમુદાય સહાયકોને કાર્યક્રમ સંબંધિત માહિતી સરળતાથી પૂરી પાડવામાં મદદ પૂરી પાડે છે અને સાથે જ સમુદાય સાથેની સલાહ-મસલત બાદ સૂચકાંકો પરનો ડેટા મેળવવામાં અને પરિસ્થિતિની સમાંતર તુલના માટે સંસ્થાની સમીક્ષા કરવામાં મદદરૂપ બની રહે છે.

નાગરિક આગેવાનોને ત્રણ વર્ષના સમયગાળામાં જુદી જુદી છ તાલીમો થકી લેવામાં આવે છે:

(1) નાગરિકત્વ અને વહીવટ - નાગરિકો તથા રાજ્યની સંસ્થાઓ વચ્ચેની સંવાદયુક્ત સામેલગીરી પર ધ્યાન આપવું. તે એ હકીકત પર પ્રકાશ પાડે છે કે સક્રિય નાગરિકોના જૂથ વિના રાજ્યને અસરકારક અને પ્રતિક્રિયાત્મક બની શકે નહીં. લાભાર્થી કેન્દ્રિત કાર્યક્રમની ડિલીવરી, સેવાઓની સમાનતામાં સુધારો લાવવા માટે સક્ષમ રહેશે નહીં. વિવિધ સમિતિઓમાં નાગરિકોની સામેલગીરી આયોજન તથા અમલીકરણમાં લોકોની અપેક્ષાઓ, હિત અને જરૂરિયાતોને પ્રતિબંબિત કરી શકે છે અને આખરે લોકોની માલિકી પ્રસ્થાપિત કરે છે.

(2) ગરીબી વિશ્લેષણ અને સામાજિક સમાવેશકતા - તે વંચિતતા પરના સામાજિક દ્રષ્ટિકોણનું નિર્માણ કરે છે. નાગરિક આગેવાનોને મહિલાઓ, દલિતો તથા વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના પ્રશ્નો તથા તેમના સીમાંતીકરણની પ્રક્રિયાથી વાકેફ કરવામાં આવે છે. તે નાગરિક આગેવાનોને ગરીબોના

**વર્ષ ૨૦૧૭માં નાગરિક આગેવાનો દ્વારા કરવામાં આવેલી કામગીરીના પ્રકારો**

| કામગીરીનો પ્રકાર | સંખ્યા |
|---|---|
| યોજનાઓ અંગેની માહિતી માટે સમુદાય બેઠકો (મિટિંગ) | 124 |
| આધાર સીડિંગ, બેન્ક ખાતાં ખોલાવવાં, જાતિ, વય, મૃત્યુ વગેરેનું પ્રમાણપત્ર બનાવવા માટેની પાત્રતાનું પ્રમાણ આપવામાં અને વિવિધ યોજનાઓ હેઠળ અરજી તૈયાર કરવામાં મદદ પૂરી પાડવી. | 1497 |
| યોજનાઓ અને સેવાઓ સુધીની પહોંચ ન હોવા અંગેની ફરિયાદ નોંધાવવી | 184 |
| બંધારણીય સમિતિઓને સક્રિય કરવી. | 74 |
| અન્ય ઉત્તરદાયી પગલાં, માહિતી જાહેર કરવી, ગ્રામસભાને સક્રિય કરવી | 1030 |
| કુલ | 2909 |

પ્રશ્નોની ઓળખ કરવામાં તથા સામાજિક ન્યાયના દ્રષ્ટિકોણથી તેનું વિશ્લેષણ કરવામાં મદદરૂપ બને છે.

(3) સરકારી યોજનાઓ અને સામાજિક ન્યાય કાયદાઓ - હવે આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષા/રક્ષણને લગતા વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ પર ભાર મૂકવામાં આવે છે. નાગરિક આગેવાનોને અરજી ફોર્મ, લાભો પ્રાપ્ત કરવા માટેની વહીવટી પ્રક્રિયા અને લાભ મેળવવા આડેના પડકારોથી અવગત કરવામાં આવે છે. આ ઉપરાંત નાગરિક આગેવાનોને એસસી/એસટી (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીઝ) અધિનિયમ, એન્ટિ રેપ એક્ટ (બળાત્કાર વિરોધી અધિનિયમ), ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ (ઘરેલૂ હિન્સા અધિનિયમ) વગેરે જેવા સામાજિક ન્યાયને લગતા વિવિધ કાયદાઓ વિશે પણ જાણકારી આપવામાં આવે છે. માહિતી પૂરી પાડવા ઉપરાંત તાલીમમાં નાગરિક આગેવાનો સરકારી યોજનાઓ અને સામાજિક ન્યાયના કાયદાઓ સુધીની પહોંચ મેળવી શકે, તે માટે તેમનાં કૌશલ્યોને સુદ્રઢ કરવા પર ભાર મૂકવામાં આવે છે.

(4) આરટીઆઇ અને સામાજિક ઉત્તરદાયિત્વ - તાલીમમાં વર્તમાન સંદર્ભમાં સામાજિક ઉત્તરદાયિત્વની સુસંગતતા પર ભાર મૂકવામાં આવે છે. નાગરિક આગેવાનોને સામાજિક ઉત્તરદાયિત્વ પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતાં વિવિધ સાધનો તથા પદ્ધતિઓ અંગે સમજૂતી આપવામાં આવે છે.

(5) સરકાર સાથે અસરકારક સંવાદ - અરજી, સંવાદ, વાટાઘાટ, જૂથ રજૂઆત કે જન સુનાવણીના સ્વરૂપમાં સરકાર સમક્ષ પ્રશ્નોની રજૂઆત માટે તાલીમમાં કૌશલ્ય વિકાસ પર ભાર મૂકવો. જ્યારે આ સાધનોનો બંધારણીય સીમાની અંદર રહીને અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તે સરકારનો સામનો કર્યા વિના જ બહેતર પરિણામ પૂરૂં પાડી શકે છે. સરકારી અધિકારીઓને કાર્યશિબિરમાં આમંત્રિત કરવામાં આવે છે, જેથી નાગરિક આગેવાનો તેમનો દ્રષ્ટિકોણ સમજી શકે.

(6) નેતૃત્વ વિકાસ - તાલીમમાં ગ્રામસભામાં સહાય પૂરી પાડવી, સંઘર્ષ નિવારણ, ગ્રામીણ વિકાસ પર સર્વસંમતિનું નિર્માણ કરવું, સમાનતા અને સામાજિક ન્યાયને વેગ આપવો વગેરે જેવાં નેતૃત્વને લગતાં પાસાં પર ધ્યાન આપવામાં આવે છે. વિકાસ અને સામાજિક પરિવર્તન માટેના તે મહત્વપૂર્ણ ઘટકો છે.

તમામ નાગરિક આગેવાનોને જાતિ અંગે સંવેદનશીલ કરવામાં આવે છે. નાગરિક આગેવાનોને રાઇટ ટુ એજ્યુકેશન, રાઇટ ટુ ફૂડ, જન સ્વાસ્થ્ય અભિયાન, જન જન જોડો અભિયાન વગેરે જેવાં હિમાયતી મંચ તથા રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય નેટવર્કમાં ભાગ લેવાની તથા તેમનાં સ્વયંનાં જોડાણો ઊભાં કરવાની તક આપવામાં આવે છે. જો નાગરિક આગેવાને જમીન અધિકારો કે સમાન મિલકત સંસાધનો (કોમન પ્રોપર્ટી રિસોર્સિઝ) કે આ પ્રકારના અન્ય કોઈ પણ મુદ્દા પર પર સમજૂતી માગી લેતો સ્થાનિક પ્રશ્ન હાથ ધર્યો હોય, તો તેમને નિપુણતા ધરાવતાં અન્ય સંગઠનો સાથે સાંકળીને તેમનું ક્ષમતા વર્ધન કરવામાં આવે છે.

## શાળા શિક્ષણમાં ધ્યાનપાત્ર બાબતો

દરેક બાળક માટે નાગરિક શિક્ષણ જરૂરી છે. શાળા પ્રારંભિક વર્ષોમાં શરૂ થાય અને સમગ્ર શૈક્ષણિક પ્રક્રિયા દરમિયાન ચાલુ રહેતા ઔપચારિક અને અનૌપચારિક એમ બંને પ્રકારના શિક્ષણ થકી નાગરિક સામર્થ્ય અને નાગરિક જવાબદારી માટેનું વિશેષ અને ઐતિહાસિક ઉત્તરદાયિત્વ ધરાવે છે. નાગરિકોમાં ઔપચારિક સૂચના વિદ્યાર્થીઓને વિવિધ વહીવટી સંસ્થાઓની રચના, જવાબદારીઓ અને બંધારણ તથા નાગરિકોના હક્કો અને જવાબદારીઓથી વાકેફ કરાવે છે. અધિકારો અંગેની સૂચના એ સ્પષ્ટ કરતી હોવી જોઈએ કે કેટલાક અધિકારોને સંપૂર્ણ ગણી શકાય. અધિકારો પરસ્પર કે અન્ય મૂલ્યો અને હિતોનું સમર્થન કરતા હોય અથવા તો તેમની સાથે ઘર્ષણરૂપ સ્થિતિમાં મૂકાતા હોય તે શક્ય છે અને આથી, તે પૂરતી મર્યાદા ધરાવતા હોય તે જરૂરી છે. ઉદાહરણ તરીકે, સ્વતંત્રતા અને સમાનતાના અધિકારો કે પછી વ્યક્તિગત અધિકારો અને સમાન હિતના અધિકારો પરસ્પર સાથે ઘર્ષણનો સામનો કરે છે. આથી, બાળકો અધિકારો તથા અન્ય મૂલ્યો અને હિતોમાં અધિકારો અને સંબંધો વિશેના વિચારો સ્પષ્ટ કરવા માટેનું માળખું વિકસાવે તે ઘણું જરૂરી છે. ત્યાર બાદ આ માળખું અધિકારોના યોગ્ય અવકાશ અને મર્યાદાઓ વિશેના ઉચિત નિર્ણયો લેવા માટેનો આધાર પૂરો પાડી શકે છે. જવાબદારીઓ અંગેની સૂચના એ સ્પષ્ટ કરતી હોવી જોઈએ કે અધિકારો અને જવાબદારીઓ સમાંતર ચાલે છે. જવાબદારીઓ એ લોકશાહી સમીકરણનું બીજું અંગ છે. વ્યક્તિગત જવાબદારી અને નાગરિક કર્તવ્યની ભાવના વાસ્તવમાં સામાજિક પાયા છે, જેના પર વ્યક્તિગત અધિકારો અને સ્વતંત્રતા નભે છે.

નૈતિક ચારિત્ર્ય સહિત નૈતિક વર્તણૂંકના ઘડતર અને ચારિત્ર્યના વિકાસ માટેની પ્રાથમિક જવાબદારી પરિવારની હોવા છતાં શાળા પણ વિદ્યાર્થીના ચારિત્ર્યના સમગ્રતયા વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે અને તેણે ભજવવી જોઈએ. શાળાએ વિદ્યાર્થીઓને નાગરિકતાને લગતા જાહેર અને વ્યક્તિગત ચારિત્ર્યના ઇચ્છવા યોગ્ય ગુણો, લાક્ષણિકતાઓના વિકાસ માટેની તકો પૂરી પાડવી જોઈએ. વર્ગ બેઠકો, વિદ્યાર્થી સભા, સિમ્યુલેટેડ (બનાવટી) જન સુનાવણીઓ, મોક ટ્રાયલ (બનાવટી મુકદ્દમા), બનાવટી ચૂંટણીઓ અને વિદ્યાર્થી અદાલતો વગેરે જેવી ચારિત્ર્યનાં ગુણોને વેગ આપવાનો

ઉદ્દેશ ધરાવતી સહકારી શિક્ષણની પ્રવૃત્તિઓમાં અસરકારક સહભાગીતા જરૂરી બની રહે છે.

નાની વયના વિદ્યાર્થીઓને વધારાનું માર્ગદર્શન આપવું, શાળાકીય વાતાવરણની કાળજી લેવી, મતદાન નોંધણીની કામગીરીમાં ભાગ લેવો, જાતિગત સલામતીના ઓડિટ્સ અથવા તો પહોંચ માટેના ઓડિટ્સમાં ભાગ લેવો વગેરે સહિતના વિશેષ સમુદાય સેવાના શિક્ષણ પ્રોજેક્ટ્સ તૈયાર કરી શકાય. મૂલ્યોનો સ્વીકાર અને સમુદાયની ભાવનાને રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય રજાઓ થકી ઉત્તેજન આપવામાં આવે છે તેમજ સહાધ્યાયીઓ અને સ્થાનિક નાગરિકોની સિદ્ધિઓની ઊજવણી કરવામાં આવે છે. મહત્વની વર્તમાન ઘટનાઓની નિયમિત ચર્ચા હાથ ધરીને જાહેર બાબતો પ્રત્યે સચેતતાને ઉત્તેજન આપી શકાય છે. વિદ્યાર્થીઓને નૈતિક વિચારણા માગી લેતા પ્રશ્નોનું મૂલ્યાંકન કરવાનું, તે પ્રશ્નો હાથ ધરવાનું અને પરિસ્થિતિનો સામનો કરવાનું જણાવી શકાય.

આજના સંદર્ભમાં, ટેકનોલોજી અને સોશ્યલ મીડીયાની વધતી પહોંચ તથા ચર્ચા અને સંવાદના વ્યાપક અવકાશ સાથે, શાળાનો અભ્યાસક્રમ બાળકોને પારદર્શીતા વધારવા માટે તેના (ટેકનોલોજી અને સોશ્યલ મીડીયાના) જવાબદાર ઉપયોગ અંગે સમજૂતી આપી શકે છે.

શાળાઓ નાગરિક સમાજ સંગઠનો સાથે સક્રિયપણે જોડાઈ શકે છે, સમુદાય આગેવાનોને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોની ચર્ચા કરવા માટે વર્ગખંડમાં લાવી શકે છે અને વિદ્યાર્થીઓને તેમની પ્રવૃત્તિઓ કે કાર્યક્રમોનું અવલોકન કરવા અને/અથવા તેમાં ભાગ લેવા માટેની તકો પૂરી પાડી શકે છે.

સંદર્ભસૂચિ:

આ લેખમાં મહદઅંશે ઉન્નતિ - ઓર્ગેનાઇઝેશન ફોર ડેવલપમેન્ટ એજ્યુકેશનના નાગરિક આગેવાની મજબૂત કરવા અંગેના પ્રોજેક્ટ તથા સંગઠનની દાયકાઓની કામગીરી દરમિયાન તૈયાર કરવામાં આવેલા અહેવાલોનો સંદર્ભ લેવામાં આવ્યો છે:


1. EndalcachewBayeh; Ambo University; The Role of Civics and Ethical Education for the Development of Democratic Governance in Ethiopia: Achievements and Challenges; available at: http://repository.smuc.edu.et/bitstream/123456789/3011/1/Endalcachew.pdf; Accessed on April 12, 2018
2. Robertson, Susan L., Globalisation, Education Governance and Citizenship Regimes: New Democratic Deficits and Social Injustices, published by the Centre for Globalisation, Education and Societies, University of Bristol, Bristol BS8 1JA, UK, available: http://susanleerobertson.com/publications/. Accessed on April 12, 2018
3. Paul R. Lachapelle, Elizabeth A. Shanahan; Montana State University; The Pedagogy of Citizen Participation in Local Government: Designing and Implementing Effective Board Training Programs for Municipalities and Counties. Available at: http://www.naspaa.org/JPAEMessenger/Article/VOL163/07_16no3_final_lachapelleshanahan.pdf. Accessed on April 12, 2018
4. John Gaventa; Towards Participatory Local Governance: Six Propositions for Discussion; available at http://www.accountabilityindia.in/sites/default/files/document-library/153_1244529170.pdf; Accessed on April 12, 2018
5. Ganesh Prasad Pandeya, Does citizen participation in local government decision-making contribute to strengthening local planning and accountability systems? An empirical assessment of stakeholdersu perceptions in Nepal; International Public Management Review Vol. 16, Iss.1, 2015; Available at: http://journals.sfu.ca/ipmr/index.php/ipmr/article/viewFile/247/243; Accessed on April 12, 2018


■

# પુરુષ પરિવર્તનકર્તાનું નિર્માણ



(આ લેખ ‘ગર્લ્સ કાઉન્ટ’ ન્યૂઝલેટરના જુલાઈ-સપ્ટેમ્બર 2017ના અંક-14 માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો અને તેનું અનુવાદ અહીં આપવામાં આવ્યું છે. આ લેખ **સતીશ કુમાર સિંઘ** દ્વારા લખવામાં આવ્યો છે. તેઓ ‘સેન્ટર ફોર હેલ્થ એન્ડ સોશ્યલ જસ્ટિસ’, નવી દિલ્હીના અધિક નિયામક (એડિશનલ ડિરેક્ટર) છે. સતીશ કુમાર સિંઘનો satish@chsj.org પર સંપર્ક સાધી શકાય છે.)

નવેમ્બર, 2016માં 16 દિવસના સક્રિયતાવાદ દરમિયાન શરુ કરવામાં આવેલું ‘એક સાથ’ રાષ્ટ્રીય અભિયાન સમાજમાં જાતિ-આધારિત સમાનતા પ્રસ્થાપિત કરવા માટે છોકરાઓ તથા પુરુષોને સાંકળી રહ્યું છે.

કમલેશ કુમાર જયસ્વાલ ઝારખંડના બોકારો જિલ્લાના કસમાર તાલુકામાં આવેલા તેલુંગા ગામના નાના વ્યાવસાયિક છે. આશરે પિસ્તાળીસ વર્ષની વયના કમલેશભાઈએ ડિસેમ્બર, 2016માં તેમના વિસ્તારમાં કાર્યરત બિન-સરકારી સંગઠન (એનજીઓ) સહયોગિની દ્વારા આયોજિત સાઈકલ રેલીમાં તેમના કેટલાક મિત્રો સાથે ભાગ લીધો. કમલેશભાઈના જણાવ્યા પ્રમાણે, અમે પુત્ર અને પુત્રી વચ્ચે ભેદભાવ ન રાખવો, નાની વયે થતાં લગ્નની આરોગ્ય પર પડતી અસરો અને ઘરમાં હિંસામુક્ત વાતાવરણ જેવા વિષયો ધરાવતાં પ્લેકાર્ડ્ઝ સાથે રાખ્યાં હતાં. રેલીની સાથે-સાથે ચર્ચાઓ અને બેઠકો પણ યોજાઈ હતી અને મેં પુરુષ તરીકે મારી ભૂમિકા વિશે વિચારવાનું શરુ કર્યું. મહિલાઓ વિરુદ્ધ આચરવામાં આવતી હિંસા અટકાવવા માટે અને જાતિગત સમાનતા માટે હું શું કરી શકું, તે ક્ષેત્રે વિચારવાનું શરુ કર્યું. આ વાર્તાલાપને પગલે કમલેશભાઈ ભેદભાવયુક્ત જાતિગત સામાજિક નિયમોને બદલવાની કામગીરીમાં પુરુષો અને છોકરાઓને સાંકળતા દ્વએક સાથથ અભિયાનમાં જોડાયા. તેઓ પુરુષોચિત વર્તણૂંક વિશે સમજૂતી મેળવીને તથા તે કેવી રીતે જાતિગત સંબંધોને પ્રભાવિત કરે છે તે વિશે સમજૂતી મેળવીને અભિયાન હેઠળ જાતિગત સમાનતા માટે ‘સમાનતા સાથી’ અથવા તો ‘પુરુષ હિમાયતી’ બનવા માટે ઉત્સુક છે.

દેશનાં જે 10 રાજ્યોમાં ગત વર્ષથી ‘એક સાથ’ અભિયાન ચાલી રહ્યું છે, તેમાં કમલેશભાઈની માફક તે રાજ્યોનાં 5,000 છોકરાઓ અને પુરુષો જોડાયેલા છે. તેઓ વ્યાવસાયિકો છે, ખેડૂતો છે, વકીલો છે, દૈનિક રોજી મેળવતા શ્રમિકો છે, શિક્ષકો છે, વિદ્યાર્થીઓ છે, વગેરે. તેઓ સૌપરિવર્તન લાવનારા છે અને ભારત આર્થિક ક્ષેત્રે પ્રગતિ સાધી રહ્યું હોવા છતાં જાતિ આધારિત હિંસા તથા ભેદભાવના વ્યાપ વિશે ચિંતિત છે. તેઓ ઘરેલૂ હિંસા, જાહેર સ્થળોએ જાતીય પજવણી, બળાત્કાર અને બાળકોની જાતીય પજવણી, દહેજ, નાની વયે લગ્ન, સ્ત્રીઓના ઘટી રહેલા જાતિ દરથી ચિંતિત છે. સમાજમાં જાતિગત ભેદભાવની જુદી-જુદી લાક્ષણિકતાઓ છે.

‘એક સાથ’ અભિયાન એ વિચાર રજૂ કરે છે કે, મહિલાઓ વિરુદ્ધના જાતિગત ભેદભાવ અને આચરવામાં આવતી હિંસાને વેગ આપવામાં અને તેને જાળવી રાખવામાં છોકરાઓ અને પુરુષોની ભૂમિકાને તપાસવાનો તથા પુનઃસ્પષ્ટીકૃત કરવાનો સમય પાકી ગયો છે. વર્તમાન ધોરણ પુત્રોને બહેતર કાળજી તથા સહાય પૂરી પાડવાનો છે, જેના કારણે પુરુષોમાં અધિકારો અને વિશેષ સવલતોની ભાવના જન્મે છે. પુત્રને સ્પર્ધા કરવાનું, મહેનત કરવાનું, સફળતા મેળવવાનું અને કોઈ પણ ભોગે જીતવાનું શીખવવામાં આવે છે. સંદેશા સ્પષ્ટ હોય છેઃ ‘છોકરીની માફક રડ નહીં’, ‘છોકરીની માફક ઢીંગલીઓ સાથે રમીશ નહીં, બંદૂક સાથે રમ’, ‘રસોડામાં આવીશ નહીં, તે છોકરીઓનું કામ છે’, વગેરે.



*પુરુષોને જાતિગત ધોરણો અંગેની ચર્ચાઓમાં સામેલ કરવા માટે ‘જેન્ડર ગેમ્સ’નું આયોજન*

સમાજ મૂકપણે અને કાર્યક્ષમ રીતે પિતૃસત્તાક વ્યવસ્થાનું પુનરુત્પાદન કરવામાં રોકાયેલો રહે છે. ઘરે હિંસા ન આચરનારા પુરુષો પણ ઘરેલૂ કાર્ય કે બાળ-ઉછેરનાં કાર્યોમાં સહભાગી તો નથી જ થતા, પિતા તેમની પુત્રીઓનું શિક્ષણ અટકાવી દઈને નાની વયે તેમનાં લગ્ન કરી નાંખે છે, પુરુષોને તેમની પાડોશમાં ઘરેલૂ હિંસા થઈ રહી હોવાની જાણ થાય, તો પણ તેઓ ભાગ્યે જ હસ્તક્ષેપ કરતા હોય છે તથા જ્યારે કાર્ય સ્થળે જાતીયતાને લગતી રમૂજો થતી હોય અથવા તો મહિલા સહકર્મીઓની પજવણી કરવામાં આવે, ત્યારે મોટાભાગના પુરુષો તેને નજરઅંદાજ કરતા હોય છે.

## પુરુષોએ સ્ત્રીઓના હક્કોનો આદર કરવો જોઈએ

જો આપણે મહિલાઓની સ્થિતિમાં પરિવર્તન લાવવા ઈચ્છતા હોઈએ તો, એ જાણી લેવું જરુરી છે કે કેવળ મહિલાઓના જ પ્રયત્નોથી તે પરિવર્તન થઈ શકશે નહીં. જો આપણે એવું માનતા હોઈએ કે જાતિગત સમાનતા એ સમગ્ર સમાજ માટેની પરિકલ્પના છે, તો આ પરિવર્તનને સમર્થન આપવાના કાર્યમાં સમગ્ર સમાજ સંકળાયેલો હોવો જરુરી છે. પુરુષોએ ઘરે તથા સમુદાયમાં નવી ભૂમિકાઓ ભજવવાની જરુર છે. હાલનાં ભેદભાવયુક્ત ધોરણોને (મોટાભાગે મૂકપણે) ટેકો આપવામાં મહત્વની ભૂમિકા ભજવતા પુરુષો (પિતા, ભાઈ કે કાકા)એ તેમની બહેનો, પુત્રીઓ અને ભત્રીજીઓના સમર્થનમાં મુક્તપણે આગળ આવવું જોઈએ. સાથે જ, મહિલાઓ માટેની સંપૂર્ણ અભિવ્યક્તિ અને સશક્તિકરણની વિરુદ્ધ સર્જાયેલા સમગ્રતયા વાતાવરણમાં પરિવર્તન લાવવું જોઈએ.

## અભિયાનનો વ્યૂહ

જાતિગત ન્યાય માટે છોકરાઓ અને પુરુષોના 'એક સાથ' રાષ્ટ્રીય અભિયાનની શરુઆત નવેમ્બર, 2016માં 16 દિવસના સક્રિયવાદ દરમિયાન કરવામાં આવી હતી. તે નીચે જણાવેલાં ત્રણ રાષ્ટ્રીય નેટવર્ક્સનું સંયુક્ત અભિયાન છે - ફોરમ ટુ એંગેજ મેન (એફઈએમ), જાતિલક્ષી પ્રશ્નો માટે પુરુષો અને છોકરાઓ સાથે કામ કરનારાં સંગઠનોનું રાષ્ટ્રીય નેટવર્ક; ઈન્ડિયા એલાયન્સ ફોર જેન્ડર જસ્ટિસ; અને વન બિલિયન રાઈઝિંગ (ઓબીઆર), વીએડબલ્યુ વિરુદ્ધનું વૈશ્વિક અભિયાન. આ અભિયાન 100થી વધુ જિલ્લાઓ તથા શહેરો અને 200 શૈક્ષણિક સંસ્થાઓમાં 15 લાખ લોકો સુધીની પહોંચ સાથે શરુ કરવામાં આવ્યું હતું. પ્રથમ વર્ષે 5,000 યુવાનોની ઓળખ કરવામાં આવી હતી અને સમાનતા સાથીઓ (સમાનતા માટેના ભાગીદારો) તૈયાર કરવા માટે બીજા વર્ષે સમાન સંખ્યામાં યુવાનોને તૈયાર કરવામાં આવશે. આ અભિયાનનો ઉદ્દેશ પુરુષ પરિવર્તનકારોની ઓળખ કરી તેમનું ક્ષમતા વર્ધન કરવાનો તથા તેમના સમુદાયોમાં પ્રવર્તતા જાતિગત સામાજિક ધોરણોને પડકારવા માટે તથા સમાનતાને




*રેડિયો ચેનલ્સ પરના વાર્તાલાપ પણ અભિયાનને વ્યાપક લોકો સુધી પહોંચાડવામાં મદદરુપ થયા હતા.*

વેગ આપનારાં નવાં ધોરણો રજૂ કરવા માટે તેમને સજ્જ કરવાનો છે. આ અભિયાન આરોગ્ય અને સામાજિક ન્યાય માટેના કેન્દ્ર (સેન્ટ્રલ ફોર હેલ્થ એન્ડ સોશ્યલ જસ્ટિસ - સીએચએસજે)નું દિશાસૂચન ધરાવે છે તથા જાગોરી, અક્ષરા, સ્વયમ અને એક્તા સહિતનાં દેશભરનાં પ્રસિદ્ધ મહિલા જૂથોનાં પ્રતિનિધિઓની બનેલી સહનિર્દેશન સમિતિ તેના પર દેખરેખ રાખે છે. આ અભિયાનમાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઝારખંડ, ઓડિશા, ઉત્તરાખંડ, દિલ્હી, પશ્ચિમ બંગાળ અને હિમાચલ પ્રદેશના 100થી વધુ ભાગીદારોનો સમાવેશ થાય છે. આ અભિયાન પુરુષો સાથે કામગીરી કરવા અંગેની શીખનું એકત્રીકરણ કરે છે. સીએચએસજે અને તેનાં ભાગીદાર સંગઠનો, નેટવર્ક્સ તથા જોડાણો છેલ્લાં 15 વર્ષથી દેશના જુદા-જુદા ભાગોમાં આ કાર્યનો અમલ કરી રહ્યાં છે. કાર્યમાંથી તારવવામાં આવેલા ચાવીરુપ બોધપાઠો આ પ્રમાણે છેઃ

**પૌરુષત્વની સમજૂતી મહિલા હક્કો પરની કામગીરીને વધુ અસરકારક બનાવે છેઃ** જાતિગત સંબંધોમાં રુપાંતરકારી પરિવર્તનો માટેના ઉપાયો તપાસતાં એ માલૂમ પડ્યું હતું કે પુરુષો સાથેના રચનાત્મક જોડાણ થકી જાતિગત ભૂમિકાઓ અને સંબંધોને રુપાંતરિત કરી શકાય છે.

**રુપાંતરકારી પરિવર્તન સાતત્યપૂર્ણ છેઃ** તે પરંપરાગત જાતિગત ભૂમિકાઓને રુપાંતરિત કરે છે, જાતિઓ (સ્ત્રી-પુરુષ) વચ્ચે સત્તાની પિતૃસત્તાક વહેંચણીને પડકારે છે અને સત્તા તથા લાભોની વહેંચણી માટે વ્યાપક સામાજિક એક્તાનું સર્જન કરે છે.

**અભિયાનના ઉદ્દેશોઃ** અભિયાનનો ઉદ્દેશ સમાનતા સાથીનું નેટવર્ક વિકસાવવાનો, પ્રચલિત જાતિગત ભેદભાવયુક્ત સામાજિક ધોરણોને પડકારવા માટે તેમના જ્ઞાનમાં, સમજૂતીમાં અને કટિબદ્ધતામાં વધારો કરવાનો, તેમજ તેમના પરિવાર, સમુદાય અને સંસ્થાઓમાં નવાં જાતિગત સામાજિક ધોરણો પ્રસ્થાપિત કરવાનો છે. નાની વયે લગ્ન

**શેષ પૃષ્ઠ ૨૭ પર**

# 'અમે ધાક-ધમકીથી કે કોઈ પણ પ્રકારના પ્રભાવથી ડર્યા વિના કામ કરવામાં વિશ્વાસ ધરાવીએ છીએ'

આ લેખ 'ગર્લ્સ કાઉન્ટ' ન્યૂઝલેટરના જુલાઈ-સપ્ટેમ્બર 2017ના અંક-14 માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો અને તેનું અનુવાદ અહીં આપવામાં આવ્યું છે. 'ગર્લ્સ કાઉન્ટ' સાથેના સંવાદ દરમિયાન, દિલ્હી મહિલા પંચ (દિલ્હી કમિશન ફોર વિમેન - ડીસીડબલ્યુ)નાં ચેરપર્સન **સ્વાતિ જય હિંદે** મહિલાઓ અને છોકરીઓની સલામતી તથા સુરક્ષાને લગતાં એવાં ઘણાં પરિવર્તનો વિશે વાત કરી હતી, જે તેઓ સરકારી વ્યવસ્થામાં અને સમાજમાં જોવા ઈચ્છે છે. તેમની સાથેની મુલાકાતના અંશો અહીં પ્રસ્તુત છેઃ



**ગર્લ્સ કાઉન્ટઃ** 2015માં ડીસીડબલ્યુમાં જોડાયા બાદ તમારી પ્રાથમિકતા શું છે અને સફળતાની ચાવીઓ કઈ કઈ છે?

**સ્વાતિ જય હિંદ (જય હિંદ):** મહિલાઓ અને છોકરીઓની સલામતી તથા લિંગ આધારિત સમાનતા સુનિશ્ચિત કરવી અમારી પ્રાથમિકતાઓ છે. દિલ્હીમાં દરેક વ્યક્તિ અસલામતી અનુભવે છે. આપણે દરેક છોકરીની સલામતી સુનિશ્ચિત કરવી જોઈએ, પછી તે ઘરે હોય, કાર્ય સ્થળે હોય કે જાહેર સ્થળે હોય. અગાઉ પંચ આ પ્રશ્ને મૌન સેવતું હતું. ભૂતપૂર્વ ચેરપર્સને છેલ્લાં આઠ વર્ષમાં ફક્ત એક જ કેસ હાથ પર લીધો હતો, જ્યારે અમે ફક્ત એક વર્ષમાં જ 12,000 કેસ હાથ પર લીધા છે, 181 હેલ્પલાઈન નંબર થકી 3.25 લાખ કોલ્સ મેળવ્યા છે, 7,500 મુલાકાતો લીધી છે, 5,500 કોર્ટ કેસોમાં જાતીય હુમલાની પીડિતાઓને મદદ પૂરી પાડી છે, 55 ભલામણો કરી છે અને 1,869 કાઉન્સેલિંગ સેશન્સ હાથ ધર્યાં હતાં. મને એ કહેતાં ગર્વની લાગણી અનુભવું છું કે, ડીસીડબલ્યુ દેશનું એકમાત્ર એવું પંચ છે, જે શનિવારે પણ કાર્યરત હોય છે. અમે ધાક-ધમકીથી કે કોઈ પણ પ્રકારના પ્રભાવથી ડર્યા વિના કામ કરવામાં વિશ્વાસ ધરાવીએ છીએ. સરકારને જવાબદેય બનાવવી એ પંચની મુખ્ય ભૂમિકા છે અને અમે તેમ કરવામાં સક્ષમ રહ્યાં છીએ. ડીસીબલ્યુ દેશનું એકમાત્ર એવું પંચ છે, જેણે એક વર્ષમાં પોલીસ (દિલ્હી)ને 3,500 નોટિસો પાઠવી છે અને જ્યારે પંચને માહિતી આપવાનો ઈનકાર કરવામાં આવ્યો, ત્યારે પોલીસ કમિશનરને સમન સુદ્ધાં પાઠવ્યું છે.

દેશની નૈતિકતાને હચમચાવી મૂકનાર અને જેને પગલે લોકોમાં વ્યાપેલા રોષને કારણે સંસદ ગૃહને જુવેનાઈલ જસ્ટિસ અમેન્ડમેન્ટ અધિનિયમ પસાર કરવાની ફરજ પડી તે નિર્ભયા સામૂહિક બળાત્કાર અને હત્યાના કેસમાં અમે સુપ્રીમ કોર્ટ પહેલાં દરમિયાનગીરી કરી હતી. આ ઉપરાંત, અમે સંખ્યાબંધ બચાવ કામગીરી હાથ ધરીને ઉઠાવીને લઈ જવાયેલી છોકરીઓને જીબી રોડ પરથી બચાવી છે. અમે ઘણા પ્રશ્નો પર કામગીરી કરી રહ્યાં છીએ અને ઘણા કાનૂની મામલાઓમાં દરમિયાનગીરી કરી છે.

**ગર્લ્સ કાઉન્ટઃ** તમારા નેતૃત્વનો સૌથી મહત્વનો સિદ્ધાંત કયો છે?

**જય હિંદઃ** આપણા દેશમાં પરિવર્તનની તાતી જરુર છે. સંઘર્ષ કરી રહેલા કે વ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કરી રહેલા લોકો પણ પરિવર્તન લાવવા ઈચ્છે છે. તે મારી આંતરિક પ્રેરણાનો સ્રોત છે. છેલ્લાં દસ વર્ષમાં, મેં સ્થાનિક સ્તરે કામ કર્યું છે, ઝૂંપડપટ્ટીમાં રહીને સીમાંત વર્ગો સાથે કામ કર્યું છે અને દેશના જુદા-જુદા ભાગોનો પ્રવાસ ખેડ્યો છે. ચળવળના દિવસો દરમિયાન મારે ઘણી કઠણાઈઓનો સામનો કરવો પડ્યો હતો અને હું પરિવર્તન લાવવા માટે ઉત્સુક થઈ હતી. એક વખત તમને પરિવર્તન લાવવાની ઈચ્છા જાગે અને તમે તેને હાંસલ કરવા ઈચ્છો, ત્યારે નેતૃત્વ આપમેળે આવી જાય છે. દિલ્હી મહિલા પંચ (ડીસીડબલ્યુ)માં અમારી ટીમ જે કામગીરી કરવા માટે સક્ષમ છે, તે પાછળનું કારણ એ છે કે અમારી ટીમનો દરેક સભ્ય આપણા સમાજમાં પરિવર્તન લાવવા માટે કટિબદ્ધ છે.

મારા મતે અન્ય મોટું પરિવર્તન એ છે કે અમે ધાક-ધમકીની પરવા કર્યા વિના, કોઈ પણ પ્રકારના ભય વિના અને કોઈ પણ પ્રકારના રાજકીય પ્રભાવ વિના કામ કરીએ છીએ અને પ્રશ્નો પૂછતાં રહીએ છીએ, જે આ અગાઉ કદી પણ દેશમાં બન્યું ન હતું તેમ મને લાગે છે. ડીસીડબલ્યુ દેશનું એકમાત્ર એવું પંચ છે, જેણે એક વર્ષમાં પોલીસ (દિલ્હી)ને 3,500 નોટિસો જારી કરી છે અને પોલીસ

કમિશનર તથા ગૃહ સચિવને સમન પણ પાઠવ્યું છે. દેશની નૈતિકતાને હચમચાવી મૂકનાર અને જેને પગલે લોકોમાં વ્યાપેલા રોષને કારણે સંસદ ગૃહને જુવેનાઈલ જસ્ટિસ અમેન્ડમેન્ટ અધિનિયમ પસાર કરવાની ફરજ પડી તે નિર્ભયા સામૂહિક બળાત્કાર અને હત્યાના કેસમાં અમે સુપ્રીમ કોર્ટ પહેલાં દરમિયાનગીરી કરી હતી. આ ઉપરાંત, અમે સંખ્યાબંધ બચાવ કામગીરી હાથ ધરીને ઉઠાવીને લઈ જવાયેલી છોકરીઓને જીબી રોડ પરથી બચાવી છે. અમે ઘણા પ્રશ્નો પર કામગીરી કરી રહ્યાં છીએ અને ઘણા કાનૂની મામલાઓમાં દરમિયાનગીરી કરી છે.

**ગર્લ્સ કાઉન્ટઃ** મહિલાઓ અને છોકરીઓની સલામતી તમારા માટે મહત્વનો પ્રશ્ન રહ્યો છે. શું મહિલાઓની સલામતી માટેની ખાસ ટાસ્ક ફોર્સ બંધકરવાની કોઈ સૂચિત અસરો તમારા ધ્યાન પર આવી હતી?

**જય હિંદઃ** નિર્ભયા સામૂહિક બળાત્કાર-હત્યા કેસ બાદ, દેશના સાંસદોએ સરકારને તાકીદનાં પગલાં ભરવા માટે ભલામણ કરી હતી. તત્કાલિન ગૃહ મંત્રી સુશીલ કુમાર શિંદેએ સંસદીય બાંયધરી તરીકે ગૃહ સચિવના વડપણ હેઠળ દિલ્હી તથા કેન્દ્ર સરકારના અધિકારીઓની બનેલી સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) ઊભી કરી હતી. ગૃહ સચિવે સંસદને એવી ખાતરી આપી હતી કે જ્યાં સુધી તમામ લક્ષ્યાંકો હાંસલ થઈ ન જાય, ત્યાં સુધી એસટીએફને યથાવત્ રખાશે. તેઓ સમજી ગયા હતા કે જ્યાં સુધી રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે સહનિર્દેશન નહીં થાય, ત્યાં સુધી પરિવર્તન લાવી શકાશે નહીં. આ સમિતિ મહિનામાં બે વાર મળે તેવી ગોઠવણ નક્કી કરવામાં આવી હતી, પરંતુ ત્રણ વર્ષમાં ફક્ત 12 વખત જ તેની બેઠક યોજાઈ હતી. છેલ્લી ત્રણ બેઠકોમાં હું હાજર હતી, મેં તેમને પ્રશ્નો પૂછ્યા હતા અને અમે આપેલી ભલામણોનો પ્રત્યુત્તર પાઠવવા માટે નોટિસ પણ જારી કરી હતી. અમને એવી જાણ કરવામાં આવી કે, એસટીએફનો હેતુ સર થઈ ચૂક્યો હોવાથી તેને બરખાસ્ત કરવામાં આવે છે અને હવે દિલ્હીના લેફ્ટેનન્ટ ગવર્નર નવી સમિતિની રચના કરશે. આ ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી સંસદીય બાંયધરીનું સરેઆમ ઉલ્લંઘન હતું, કારણ કે એસટીએફનો ભાગ્યે જ કોઈ ઉદ્દેશ પૂર્ણ થયો હતો. આખરે, અમારે આ મામલો અદાલત સુધી લઈ જવો પડ્યો અને સાત મહિનાના વિલંબ બાદ, એલજી દ્વારા એસટીએફની પુનઃરચના કરવામાં આવી.

**ગર્લ્સ કાઉન્ટઃ** નિર્ભયા કેસમાંથી ડીસીડબલ્યુએ શું શીખ મેળવી છે?

**જય હિંદઃ** નિર્ભયા કેસમાંથી અમને એ શીખ મળી છે કે, કાયદાઓ મોજૂદ છે અને ખામીઓ દૂર કરવા માટે તેમાં સુધારો કરવામાં આવે છે, પણ તેનું અમલીકરણ અત્યંત નબળું છે. દિલ્હીના સંદર્ભમાં, અમે અનુભવીએ છીએ કે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે બહેતર સહનિર્દેશન વિકસાવવાની જરુર છે. અમે કેન્દ્રને એવી ઉચ્ચ સ્તરીય સમિતિ સ્થાપવાનું જણાવતાં આવ્યાં છીએ, જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી, મુખ્ય મંત્રી, લેફ્ટનન્ટ ગવર્નર, પોલીસ કમિશનર અને ડીસીડબલ્યુનો સમાવેશ થતો હોય. તે સમિતિ મહિનામાં ઓછામાં ઓછી બે વખત મળવી જોઈએ અને તેમાંપોલીસ તથા પોલીસ સંસાધનોના ડિજિટાઈઝેશન, તેમનું ઉત્તરદાયિત્વ વધારવું, દિલ્હીમાં વધુ સંખ્યામાં ફોરેન્સિક લેબ તથા અદાલતો સ્થાપવી વગેરે સહિતના પ્રશ્નો પર ચર્ચા થવી જોઈએ.

**ગર્લ્સ કાઉન્ટઃ** માધ્યમોના અહેવાલો પરથી જણાય છે કે લોકો સેનિટરી નેપકિન્સ પર જીએસટી લાદવાના નિર્ણયથી ખુશ નથી. દિલ્હીની સરકારી શાળાઓમાં વિના મૂલ્યે નેપકિન્સ પૂરા પાડવાની કામગીરી પાછળ તમારો શું વિચાર હતો?

**જય હિંદઃ** શાળાએ જતી છોકરીઓને સેનિટરી નેપકિન્સ પૂરાં પાડવાંનો મુદ્દો આરોગ્ય, સ્વચ્છતા અને શિક્ષણના પ્રશ્ન સાથે નિકટતાપૂર્વક સંકળાયેલો છે. અહેવાલો સૂચવે છે કે 23થી 25 ટકા છોકરીઓ તેના કારણે તેમનો અભ્યાસ ચાલુ રાખી શકતી નથી. આ ઘણી જ ચિંતાનો વિષય છે અને મારું માનવું છે કે કેન્દ્ર સરકાર આ મામલે સંવેદનશીલ નથી. જ્યારે સમગ્ર દેશ સરકારને સેનિટરી નેપકિન્સ પરનો જીએસટી રદ કરવાની વિનંતી કરી રહ્યો છે, ત્યારે પણ તેમણે આ મુદ્દે મૌન ધારણ કર્યું છે.

ઘણી કિશોર વયની છોકરીઓ માસિક ધર્મ દરમિયાન શાળાએ જઈ શકતી નથી અને તેમણે ઘરે બેસી રહેવાની ફરજ પડે છે. આ સ્થિતિમાં, સરકારે જીએસટી લાદવાને બદલે સેનિટરી નેપકિન્સનો પુરવઠો સુનિશ્ચિત કરવો જોઈએ. અમે વડાપ્રધાન અને નાણાં મંત્રીને લેખિતમાં જણાવ્યું છે, પરંતુ કાયદા પ્રમાણેની સંસ્થા હોવા છતાં હજી સુધી તેમણે અમને કોઈ પ્રતિભાવ આપ્યો નથી. દિલ્હીની શાળાઓમાં સેનિટરી નેપકિન્સ પૂરા પાડવામાં આવે છે. વચ્ચે આ કાર્ય બંધ કરી દેવાયું હતું, પરંતુ અમે નોટિસ જારી કરી, ત્યાર બાદ આ સેવા ફરી શરુ કરવામાં આવી હતી. જો કોઈને આ અંગે કોઈ ફરિયાદ હોય, તો તેઓ તાકીદે અમને જાણ કરી શકે છે.

**ગર્લ્સ કાઉન્ટઃ** દિલ્હીમાં મહિલાઓ અને છોકરીઓ વિરુદ્ધના અપરાધોને લગતા કેસોમાં ચુકાદાના નીચા દર અંગે તમારો શું અભિપ્રાય છે?

જય હિંદઃ આ ઘણો જ ગંભીર પ્રશ્ન છે અને અમે ઘણા નિષ્ણાતોના સંપર્કમાં છીએ. અમે દિલ્હી પોલીસ પાસેથી ડેટા મેળવ્યા હતા. જે પ્રમાણે 2012થી 2014 સુધીમાં મહિલા વિરુદ્ધ 31,446 કેસો નોંધાયા હતા જેમાંથી ફક્ત 146 કેસોમાં સજા આપવામાં આવી હતી. ચુકાદાના નીચા દરને કારણે લોકોને અપરાધ આચરતાં ભય લાગતો નથી.

આપણે ગુનેગારોને સજા આપવાનો દર વધારવાની જરુર છે, જે માટે ત્રણ સ્તરે કામ કરવું જરુરી છે. પ્રથમ, દિલ્હી પોલીસની તપાસ પ્રક્રિયા સંતોષકારક સ્તર નથી ધરાવતી અને અદાલતો પણ આવો જ અભિપ્રાય ધરાવે છે. વ્યવસ્થાપન માહિતી વ્યવસ્થા (એમઆઈએસ) ન હોવાને કારણે પોલીસ કમિશનર એ જાણકારી મેળવી શકતા નથી કે કેટલી એફઆઈઆર નોંધાઈ છે અને તે પૈકીની કેટલી એફઆઈઆર પેન્ડિંગ છે. બીજું, પોલીસ દળનાં સંસાધનોમાં વધારો કરવાની જરુર છે. દિલ્હી પોલીસ છેલ્લાં 10 વર્ષથી સ્ટાફમાં 80,000 પોલીસકર્મીઓનો ઉમેરો કરવા માટેની માગણી રજૂ કરતી આવી છે. ડીસીડબલ્યુએ આ મામલે અદાલતનું શરણ લીધું છે. આખરે, 2,000 પોલીસકર્મીઓની ભરતીની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ આ સંખ્યા ઘણી જ ઓછી છે.

ડીસીડબલ્યુએ 2015માં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને નોટિસ જારી કરી હતી. એવી માહિતી આપવામાં આવી હતી કે 7,500 સેમ્પલ પેન્ડિંગ હતાં, જે પૈકીનાં 1,500 વાસ્તવમાં સડી ગયાં હતાં. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઝની સંખ્યામાં પણ વધારો કરવાની જરુર છે. વળી, અદાલતોની સંખ્યા વધારવાની પણ જરુર છે અને ઉપરથી લઈને નીચે સુધીના તમામ સરકારી કર્મચારીઓને સંવેદનશીલ કરવા જરુરી છે. આજે, પરિસ્થિતિ એવી પ્રવર્તે છે કે, જો બળાત્કારની પીડિતા ન્યાય માટે લડવાનો નિર્ણય કરે, તો તેણે એકસમાન પરીક્ષામાંથી પસાર થવું પડે છે. તેણે લાંબી અને વિલંબભરી લડાઈ પાર કરવી પડે છે. આપણી વ્યવસ્થા ફરી તેનો બળાત્કાર કરે છે.

**ગર્લ્સ કાઉન્ટઃ** તમારા મતે, શું સરકાર અને નાગરિક સમાજ વચ્ચે ભાગીદારી મજબૂત કરવાની જરુર છે?

**જય હિંદઃ** દિલ્હીમાં તથા દેશમાં ઘણી સારી સ્વૈચ્છિક સંસ્થાઓ (એનજીઓ) કામ કરી રહી છે. દુર્ભાગ્યે, મોટા ભાગના કેસોમાં સરકારી સંસ્થાઓ તેમની સાથે કામ કરવા ઈચ્છતી નથી. સ્વૈચ્છિક સંસ્થાઓ જ્યારે સરકારી તંત્રનું ઊણપો તરફ ધ્યાન દોરે છે, ત્યારે તેમને વિરોધી તરીકે જોવામાં આવે છે. પણ જો આપણે આપણી ભૂલો વિશે જાણતાં ન હોઈએ, તો સુધારાત્મક પગલાં કેવી રીતે ભરીશું? આપણે એ હકીકત પણ કબૂલ કરવી જોઈએ કે ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ સ્થાનિક સ્તરે કામગીરી કરે છે અને વાસ્તવિકતાથી માહિતગાર હોય છે. પરંતુ, તેની સાથે-સાથે એવાં એનજીઓ પણ છે, જે બિનઅસરકારક છે. આવાં એનજીઓ વિશે જાણીને મને ઘણું દુઃખ થાય છે.

સ્વાતિ જય હિંદનો - livingpositive@gmail.com પર સંપર્ક સાધી શકાય છે. ■

**પૃષ્ઠ ૨૪નું શેષ**

તથા બાળ લગ્ન, જાતિ-આધારિત હિંસા અને ભેદભાવ તથા જાતિ પંસદગીની પ્રવૃત્તિઓ, મહિલાઓની આગેવાની, સ્થાનિક કાર્ય, મહિલાઓની ગતિશીલતા અને જાહેર સ્થળોએ તેમની સલામતી વગેરે જેવા પ્રશ્નો પર ધ્યાન આપવામાં આવશે.

## 'એક સાથ'ની પ્રવૃત્તિઓ

પુરુષોની જાતિગત ભૂમિકા વિશે જાગૃતિ ફેલાવવા માટે સમુદાયો અને સંસ્થાઓમાં જાહેર પ્રવૃત્તિઓનું આયોજન કરીને સંભવિત સમાનતા સાથીઓની ઓળખ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં થિયેટર, ફિલ્મ શો, ચર્ચાઓ અને મંત્રણાઓ, ભીંત પર લખાણો, રેલી વગેરેનો સમાવેશ થાય છે. પ્રવૃત્તિઓની પ્રથમ શ્રેણીની શરુઆત 2016માં 16 દિવસના સક્રિયવાદ (એક્ટિવિઝમ) દરમિયાન થઈ હતી. પ્રથમ વર્ષે 2,000 કરતાં વધારે સ્થળોએ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. સમાનતા સાથીઓને રુબરુ, મોબાઈલ ફોન આધારિત તથા ઓનલાઈન સાધનો મારફત ક્રમિક ક્ષમતા વર્ધનની તક પૂરી પાડવામાં આવશે. આ માટેની અભ્યાસ સામગ્રી (અભ્યાસક્રમ - કરિક્યુલમ) તથા પદ્ધતિઓ સીએચએસજે તથા તેના ભાગીદારોની વર્તમાન પ્રવૃત્તિઓમાંથી મેળવવામાં આવી છે. માર્ગદર્શકો સંભવિત સમાનતા સાથીઓને મદદ પૂરી પાડે છે.

સમાનતા સાથીઓને સામુદાયિક કાર્યશીલ જૂથોના ભાગરુપે સામૂહિક પગલાં ભરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. આ પગલાં નીચે પ્રમાણે રહેશેઃ તેમના વ્યક્તિગત, કૌટુંબિક જીવનમાં તથા સમુદાયમાં અને તેઓ જે સંસ્થાઓમાં છે તેમાં પરિવર્તન લાવવું. કામગીરીના કેટલાંક ચાવીરુપ ક્ષેત્રોમાં - ઘરેલૂ કાર્યમાં પુરુષોની સહભાગીતા, નાની વયે લગ્ન તથા બાળ લગ્ન અટકાવવા માટે સામુદાયિક સ્તરે કાર્યવાહી, સંસ્થાઓમાં જાતીય પજવણી વિરુદ્ધ કાર્યવાહી, ઘરેલૂ હિંસા વિરુદ્ધ કાર્યવાહી વગેરેનો સમાવેશ કરવામાં આવશે. આવી કાર્યવાહી તથા પરિવર્તનોને લગતી ઘટનાઓથી અન્ય લોકોને પ્રેરણા મળી રહે અને સદગુણોનું વાતાવરણ સર્જાય તે માટે સોશ્યલ મીડીયા થકી તથા મુખ્ય પ્રવાહનાં માધ્યમો થકી વ્યાપક પ્રચાર કરવામાં આવશે. ■

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬
ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૧૪, રાજસ્થાન.
ફોન: ૦૯૧-૭૪૨૫૮૫૮૧૧૧ ઈ-મેલ: jodhpur_unnati@unnati.org


આ બુલેટિનનાં લેખોમાં મંતવ્યો લેખકોના વ્યક્તિગત છે.


**દીપા સોનપાલ**, ઈ-મેલ: sie@unnati.org, **રમેશ પટેલ,** ઈ-મેલ: publication@unnati.org



મુદ્રણ: પ્રિન્ટવિઝન, અમદાવાદ.


**ફક્ત અંગત વિતરણ માટે**


આપ લોકશિક્ષણ કે તાલીમ માટે 'વિચાર'માં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.